શ્રી

# ગોસ્વામિ શ્રી-
# પુરૂષોત્તમજી મહારાજ વિરચિત
# સિધ્ધાંતરહસ્યગ્રંથની ટીકાનું
# ગુજરાતીભાષાંતર.

રચનાર

ચિરંજીવી લાલજી ગોસ્વામિ શ્રીવિઠ્ઠલરાયજી.

આપની આજ્ઞા લઈને વૈષ્ણવ ઠા૦ દયાલ મૂળજીયેં

મૂલગ્રંથસહિત

શ્રીમુંબાપુરીમધ્યેં

જગદીશ્વર છાપખાનામાં છપાવી પ્રસિદ્ધ કર્યું.

સંવત ૧૯૩૭ના વૈશાખ શુધ્ધ દ્વાદશ્યાં મંગલવાસરે.

તા. ૧૦ મી મે સને ૧૮૮૧ ઈસવી.

નુછાવર રૂ૦ ॥।

©ruchirbava

# प्रस्तावना.

वेदादि शास्त्रना सारात्मक सिध्धांतरूप पुष्टिमार्गना प्रवर्त्त कर्त्ता श्रीमदाचार्यचरणोए पोताना मार्गानुवर्ति वैष्णवो उपर कृपा करीने वेदशास्त्रनां प्रमाणवचनो सहित संस्कृत ग्रंथो कर्या छे. अने तेमनी टीका आचार्यवंशीय गोस्वामिवर्योए संस्कृतमांज करी छे. पण हमणाना घणा जन वैष्णवोने संस्कृतनुं ज्ञान न होवाथी संस्कृतज्ञान विनाना एवा जिज्ञासु वैष्णवो पण पोताना मार्गमां शिथिल थईने आरूढपतितपणाने पामता जोईने पृथ्वीदिग्विजय करनार गोस्वामि श्री पुरुषोत्तमजीए शास्त्र प्रमाण वचनो सहित पूर्वोक्त ग्रंथो उपर टीकाओ करी छे. तेमध्येथी जेटली टीकाओ आपश्रीने मली छे ते उपरथी सांप्रत गोस्वामि श्री लालमणिजी सुत श्री विठ्ठलरायजी नित्य पोताना मंदिरमां कथा करे छे पण श्रोता जन संसारासक्त होवाथी ए भाषणनुं अक्षरशः अवधारण करी शकता नथी. एम जोई तेमनी उपर कृपा करीने ते कथा गुजरात भाषामां लखी लेवाने वैष्णव दयाल मूलजीने आपश्रीए आज्ञा करी. ते आज्ञाने अनुसरीने ए कथा सर्वे वैष्णव दयाल मूलजीए लखी लीधी, पण कथा श्रवण करवा आवनारा वैष्णवोए आप श्रीने दैन्यपूर्वक विनति करी के, लखी लीधेली कथा सर्व छपावी जाहेर पडाय तो सारुं, के जेथी सर्व जिज्ञासु वैष्णवोने पोताना अवकाशनावखतमां वारावार पण वांचवाथी तेमने पोताना जन्म

©ruchirbava

तथा जवानुं कंईक ज्ञान थाय. अने भगवत्कथामां
तथा भगवत्सेवामां रुचि थाय. एवा हेतुथी ए ग्रंथो-
नी टीका छपावी जाहेर पाडवाने आपश्री विठ्ठलराय
जीने विनति करी, त्यारें आपश्रीयें विचार्युं के ग्रंथो छ
पाववा ए केटलाएक बालकोने तथा अमोने पण रुच
ता नथी. पण छपाव्या विना पुस्तकोनां थोडापणाथी,
भगवत्कृपाथी वैष्णवो थया, तोये पण ग्रंथो मल्या
विना ग्रंथना अबोधथी आवा उत्कृष्ट मार्गमां पुरुषो
तेमना संबंधनुं तथा सेवा वगेरेनुं सुख अनुभवमां-
आवतुं नथी. एवी महोटी खामी जोईने छपाववुं जो
ईजे. पण जेकला जिज्ञासु वैष्णवोनेज आपवाथी
छपाववा बाबतनो दोष पेदा थाय छे, ते नहिं थाय?
एम विचारीने ए विनति अंगीकार करीने ए ग्रंथो
छपाव्या छे. तेथी प्रत्येक गाममां जे जे वैष्णवोने
बीजाने पुस्तक आपवाने मोकल्यां होय तेमणे ऊ
पर लख्या प्रमाणेना जिज्ञासु वैष्णवोनेज आपवा
केम के छपाववानो हेतु वधारे पुस्तको खपाववा वगेरे
मतलब उपर नथी.

# સૂચના.

અશરણ શરણ શરણાગત વત્સલ કૃપાસિંધુ દીનબંધુ ગોસ્વામિ શ્રી વિઠ્ઠલરાયજીને દાસાનુદાસ ઠક્કર વ્યાસ મૂલજીની દૈન્યપૂર્વક વિનતિ એ છે જે આપશ્રીયેં જે ટીકા લખી લેવાની મને ગુલામને આજ્ઞા કીધી અને તે શોધાવીને પાછી લખાવી, પણ તે લખવામાં મારી અલ્પબુધ્ધિ તથા મંદબુધ્ધિ વાલાની ચૂક ઘણી થઈ હશે, તે આપ શ્રી કૃપા કરીને ક્ષમા કરશો. એજ મ્હારી વિનતિ છે.

સર્વ ગ્રંથ વાંચનારા વૈષ્ણવોને હું ઠક્કર વ્યાસ મૂલજી નમ્રતાપૂર્વક વિનતિ કરૂં છું કે કથા લખતી વખતેં મ્હારી અલ્પ તથા મંદબુધ્ધિવાલાની જે જે ચૂક થઈ હોય તે સર્વ વૈષ્ણવોએં મ્હારીઉપર કૃપા કરીને ક્ષમા કરવી.

આ ગ્રંથમાં જે જે પાનામાં કઠિણ શબ્દો દેખાવામાં આવ્યા છે, તેનો અર્થ એજ પાનામાં નીચેં કર્યો છે. તે એવી રીતેં કે, કઠણ

शब्द ऊपर अेकडो, बगडो, अेवी रीतें अंक कर्या छे. ते अंक जोईने, नीचें अेम प्रमाणे अेकडा बगडा वाला अर्थ वांचवा.

आ प्रस्तावना शोले ग्रंथो बाबतनी छे. तेथी ज्यारें बधाय ग्रंथ छपाईने भेला थाय, त्यारें तेमां प्रथम ग्रंथ ने यमुनाष्टक तेनी टीकाथी पेहेला पानामां ग्रंथ बधा साथे जोडती वखतें नाखवा, अथवा जे जे ग्रंथो छूटा न राखवा होय तेणे बधाअे ग्रंथोनी आ अेकज प्रस्तावना समजवी.

# शुद्धिपत्रं.

| पृष्ठ. | पंक्तिः | अशुद्ध. | शुद्ध. |
|---|---|---|---|
| २ | ६ | जेवो. | जेवा. |
| ३ | ५ | तेने. | तेमने. |
| ५ | १२ | तेने. | तेमने. |
| ५ | १५ | तेना. | तेमना. |
| ७ | ८ | आगल कहे छे त्यां शुद्धना कोठामध्ये-लखेलो श्लोक वांचवो. | यानास्थाय नरो राजन्, न प्रमाद्येत कर्हिचित्॥ धावन्निमिल्य वा नेत्रे, नस्खलेन्न पतेदिह॥ |
| ७ | १० | जे धर्ममां. | जैन धर्ममां. |
| ७ | १३ | लपरेपणनहीं | लपसेपणनहीं. |
| ११ | १४ | परैवो. | पुरैवो. |
| १५ | २ | टीकानेवुं. | टीकारूप. |
| १५ | १६ | जेवोउक्ति | जेवा कर्त्ता |
| ५० | १ | चेष्टा | वार्त्ता |
| ५२ | ११ | प्रायश्चित्तनीदीपनोअर्थ | पाप मटाडवानो उपाय |
| ५२ | १५ | ते लटान् | तद्भुटान् |
| ५६ | १५ | संलवा देवा | संलवा देवा |

©ruchirbava

| पृष्ठ. | पंक्ति. | अशुद्ध. | शुद्ध. |
| --- | --- | --- | --- |
| ५८ | ३ | सात्विक. | सात्विका. |
| ६३ | १६ | महाभूतो. | भूतो. |
| ६८ | ६ | सेवानो. | सेवाने. |
| ७३ | टीपमां | अडीने. | अडकीने. |
| ७४ | ९ | तेवजते. | तेन वजते. |
| ७८ | ३ | समर्पण क्रियानी टीपमां अर्थ. | अंगीकार कराववामां. |
| ८३ | १४ | तेवैष्णव कहेवाय. | स्नेहवाळावैष्णव कहेवाय. |
| ८८ | १७ | आसक्ति. | अशक्ति. |
| ९५ | ११ | शुद्ध. | सिध्ध. |
| ९६ | १७ | पोतानेन. | पोताने. |
| १०० | १६ | विरुध्धवाक्यो. | अेवांपरस्परविरुध्धवाक्यो. |
| १०१ | ६ | पहेलानुं करेलुं. | पहेलानुं कहेलुं. |
| १०३ | २ | निरूप्य. | निरूप्या. |
| १०४ | १२ | तकृत | तत्कृत |
| १०६ | ५ | कनिष्टतेना कलमां. | कनिष्ट कलमां |
| १०७ | १ | अेवमेस्वांत. | अेवमत्स्वांत. |

श्री

॥ श्रीकृष्णाय नमः ॥

श्रीमदाचार्य विठ्ठलेश्वर चरणकमलेभ्योनमः

श्रीगुरुचरणकमलेभ्योनमः

# अथ

# श्रीपुरुषोत्तमजी कृत सिद्धांतरहस्यनी टीकानुं गुजराती भाषांतर प्रारंभ करियें छैयें.

अथ मंगलाचरणनो श्लोक.

श्रीकृष्णदेवमुखपद्ममरंदपूर्ण; वाक्यानुवादविनिवारितजीवदोषौ॥ आचार्यवर्यचरणौ हृदये निधाय; नत्वा वचस्तदुदितं विवृणोति दासः॥१॥ अर्थ-श्रीकृष्णदेवना मुख रूप कमल, तेना सुगंधथी पूर्ण एवां वचनोनो जे अनुवाद[1] तेणे करी जीवोना दोष निवारण जेमणे कर्या छे एवा जे श्री आचार्यवर्य एटले आचार्योमां श्रेष्ठ एवा जे श्री महाप्रभुजी, तेमना

1 कहेली वातनुं कहेवुं.

चरण हृदयमां धारण करीने तेमने अथवा तेम-
नां वचनोने नमस्कार करीने हस्तकृत विवरण करे छे.

हवे श्री आचार्यजी भगवाननी आज्ञायें क-
रीने भगवाननो अभिप्रेत एवो जे भक्तिमार्ग
तेने प्रकट करता "यो वै भूमा, कृषिर्भूवाचक" ए
वगेरे श्रुतिओएं करीने जेनो अंत नहीं एवो
आनंद ते स्वरूपथी भगवान जे श्री कृष्ण ते-
मने "सवायमात्मा" ए वगेरे श्रुतियोएं करी-
ने अने नारदपंचरात्रनी स्मृति निर्दोष पूर्ण
गुणविग्रह एमणे करीने पण निर्दोषपणुं छे.
अने मुक्तोपसृप्य सूत्रमां पण निर्दोष जे छे, ते
मणेज सेवा करवा लायक छे. ए पण जणायछे
अने हमणाना जीवोने कलियुगना दोषें करीने
अत्यंत सदोषपणुं छे. तेथी तेमनी करेली से-
वारूप भक्ति, तेनो भगवान ज्यारें अंगीकार
करे नहीं तो तेनुं फल न थाय. तेथी "भक्तिमा-
र्गनो उपदेश कर्यो, तो ए पण फलशे केम?" ए-

---

१ टीका. २ आमनुं. ३ जे सदा हेय अने नथी हेय ते नरोनानुं हेय ते हुं देखाडुं.

વી ચિંતા એટલે વિચાર, આપેં જ્યારેં કર્યો,
ત્યારેં તેમની ચિંતા મટવાસારૂ પ્રગટ થયા એવા
જે ભગવાન, તેમણે કૃપાએં કરીને સાક્ષાત એટ
લે પ્રત્યક્ષ કહ્યું; તે આ ગ્રંથમાં પોતાના માર્ગાનુ
વર્ત્તિઓ જે વૈષ્ણવો, તેને જણાવવા સારૂ પ્રગટ
થવાનો વખત જતાવનારૂં વચન તેને પહેલું લ
ઈને વચનોને ગ્રંથરૂપેં બાંધતા થકા, ભગવાન-
નાં વચનો કહેવાસારૂ પ્રતિજ્ઞા કરે છે.

મૂલશ્લોક.

**श्रावणस्यामलेपक्षे,एकादश्यांमहानिशि॥**
**साक्षाद्भगवताप्रोक्तं,तदक्षरशउच्यते॥१॥**

અર્થ- શ્રાવણમહિનાનો જે અમલપક્ષ એટલે
શુક્લપક્ષ, તેની એકાદશીની અર્ધરાત્રીને વિ-
ષે શ્રી ભગવાને મહોડા મહોડ આજ્ઞા કીધી, ત
અક્ષરે અક્ષર એમ કહીએં છૈયેં. એમ શ્રી-
આચાર્યજીએં કહ્યું છે. આ ઠેકાણે માસ, પક્ષ,
તિથિ, અને સમય જે જે આપેં લખ્યાં છે, તે આ
બ્રહ્મસંબંધરૂપ કહેવાજે જે સાધન તેને કર-

નારો જે સાધક તેમાં રહેલા જે આધિભૌતિક- એટલે શરીરના, આધ્યાત્મિક એટલે ઇંદ્રિય- ના અથવા મનના, અને આધિદૈવિક એટલે મનના અથવા આત્માના, એ ત્રણ પ્રકારના જે દોષો, તેને મટાડવાનું સામર્થ્ય, આ બ્રહ્મસંબં ધમાં છે. તે જતાવવાસારૂ લખ્યા છે. આ માસ ની પૂનમઉપર શ્રવણ નક્ષત્ર આવે છે, તેથી એ નું નામ (શ્રાવણ) છે. તે શ્રાવણમાસના દેવતા વિષ્ણુ છે. તેમનું એ નક્ષત્ર છે, તેથી એ માસ પણ વૈષ્ણવ છે એમ કહ્યું. તે વિષે પુરા- ણના શ્લોકનું પ્રમાણઃ— ॥ શ્લોક ॥

यःकश्चिद्वैष्णवोलोके,मिथ्याचारोऽप्यनाश्रमी॥
पुनातिसकलाँल्लोकान्,सहस्रांशुरिवोदितः॥

અર્થ—જે કોઈ લોકમાં વૈષ્ણવ હોય, તે જો દેહથી સેવા વગેરેની કૃતિ દેખાડે પણ મનથી દુષ્ટા ચરણવાળો હોય, તે મિથ્યાચારી કહેવાય. અને જે ચાર આશ્રમમાંથી એકમાં પણ ન હોય તે અનાશ્રમી કહેવાય. એવો જો વૈષ્ણવ

હોય તોપણ તે સર્વ લોકને પવિત્ર કરેછે. શ્રી
ગીતાજીમાં મિથ્યાચારીનું સ્વરૂપ કહ્યું છે.
શ્લોક (ગી. અ. ૩ શ્લો. ૬) कर्मेंद्रियाणि सं
यम्य, य आस्ते मनसा स्मरन्॥ इंद्रियार्था
न् विमूढात्मा, मिथ्याचारः स उच्यते॥ અ
ર્થ- કામ કરવાની ઈંદ્રિયોને વશ કરીને, મનથી
તો વિષયનું સ્મરણ કર્યા કરે, એવો મૂઢબુદ્ધિ
જે હોય, તે મિથ્યાચારી કહેવાય.

હવે પહેલો પક્ષ તે શુક્લ પક્ષ છે, તે અમલ
છે એટલે મલવિનાનો છે. તે દહાડે દહાડે વધારે
અજવાળું કરેછે. તેથી શ્રાવણ માસ અને શુક્લ
પક્ષ, તે જાહેરના[1] જે આધિભૌતિક દોષો છે તેને
મટાડનાર છે. એકાદશી છે તે વલી ઉપવાસેં
કરીને પાંચ જ્ઞાનેંદ્રિય તથા પાંચ કર્મેંદ્રિય, અ
ગીઆરમું મન, તેના દોષને મટાડનારી છે, એટ
લુંજ નહીં પણ વલી ગુણ પણ પેદા કરેછે તેથી
એકાદશી છે તે આધ્યાત્મિક દોષોને મટાડના

૧ દેહના.

रीछे. अने महानिशि ते अर्द्धरात्री ते भक्त
नी रक्षाने अर्थे प्रगट थया जे भगवान् तेमनो
प्रगट थवानो काल छे. तेथी आधिदैविक दोषो
ने मटाडनार छे. केमके भगवान्, भक्तनी रक्षा
करवा अने असुरनो संहार करवा प्रगट्या छे. ते
म आहीं पण उपर कहेला दोषो मांथी भक्तने मु
क्त करवा अने असुरने ठेकाणे जे दोषो छे तेनो
संहार करवा आवी वखतमां प्रगटीने ब्रह्मसं
बंधरूपी साधननो उपदेश कर्यो छे. ते ब्रह्म
संबंध करनारमां रहेला त्रिविध दोषोने मटाडना
रू छे. एम बताव्युं. आहीं जे कहेवाय छे, ते स
र्व भगवानना वाक्यनो विचार करीने श्री
आचार्यजीएं आ सिद्धांत रहस्य ग्रंथना
श्लोकमां तेना अर्थना संग्रहरूपी कह्युं छे.
एम प्राचीनो आज्ञा करे छे. पण श्री पुरुषोत्त
मजी तो कहे छे जे मने तो बीजुं पण जणा
यछे ते कहीएं छेएं. के श्रीभागवतना ए



द्वादश स्कंधमां समर्पण चार ठेकाणें वर्णन
कर्युं छे, तेमां पहेला योगेश्वर जे कवि, तेमनुं
वचन. श्लोक (भा०ए० अ०२ श्लो०३४)॥ ये
वै भगवता प्रोक्ता, उपाया ह्यात्मलब्धये ॥ अं
जः पुंसामविदुषां, विद्धि भागवतान् हिता
न् ॥ अर्थ— जे भगवाने वगर मेहनतें अ
ज्ञानीने पण पोताने पामवाने उपायो कह्या
छे. ते भागवत धर्म कहेवाय. एम ए भागव
तधर्मनुं लक्षण कहीने आगल कहे छे. जे हे
जनकराजा! ए धर्ममां मनुष्य जधी रीतें र
हे त्यारें कोई वखत प्रमाद एटले गाफली
नहीं थाय अने आंख्यो मींचीने दोडे तो प
ण ते पडे नहीं अने लपटे पण नहीं. एवो
ए मार्ग छे. एणे करीने भागवतधर्मनुं माहा
त्म्य कहीने श्लोक (भा०ए० अ०२ श्लो०३६) का
येन वाचा मनसेंद्रियैर्वा, बुद्ध्यात्मना वानुसृत
स्वभावात् ॥ करोति यद्यत् सकलं परस्मै,
नारायणायेति समर्प्पयेत्तत् ॥ अर्थ—श्र

शरीरें करीने, वचनें करीने, मनें करीने, इंद्रियो
एं करीने, बुद्धिएं करीने अने वली पोताना
स्वभाव प्रमाणे पोते जे जे करे छे, ते (नारायणा
य) एम कहीने समर्पे. ए श्लोकें करीने ज
थी क्रियाओ छे, ते भगवानने अर्थे समर्पण
करवी कही छे. ते पछी बीजा पण भक्तिपूर्वक
भगवद्भजनादिक धर्मो कहीने कहे छे. श्लोक
(भा० ए० अ० २ श्लोक ४२) **भक्तिः परेशानुभ
वो विरक्तिरन्यत्र चैष त्रिक एककालः ॥ प्रप-
द्यमानस्य यथाश्नतः स्युस्तुष्टिः पुष्टिः क्षु
दपायोऽनुघासं ॥** अर्थ- परा भक्ति एक,
अने ईशानुभव बीजुं, अने वैराग्य त्रीजुं, ए
त्रणे जे शरणागति करे छे, तेने एक ज वखत
मां थाय छे. हवे एक साधन करतां त्रण फल
केम थाय? एवी शंकाउपर दृष्टांत आपे छे. जेम
माणसने जमती वखतें एक एक कोलीआमां
संतोष अने पुष्टि एटले धातुक्षीणपणानी नि
वृत्ति, अने भूखनुं मटवुं, ए त्रणे जणशो एक



ज वखतमां थती जाय छे. एरीतें जमी
चूके त्यारें ए त्रणे फल पूरां थई चूके छे. श्लो-
क. (भा० ए० अ० २ श्लोक ४३) **इत्यच्युतांघ्रिं भ
जतोऽनुवृत्त्या, भक्तिर्विरक्तिर्भगवत्प्रबोधः
॥ भवंति वै भागवतस्य राजंस्ततः परां शा
तिमुपैति साक्षात् ॥** अर्थ- एरीतें अच्युत
भगवान् तेमना चरणारविंदने जथ्यां कर्मोनां
जेम मंगलाचरण करे, तेम घडी घडी भजतो हो
य, तेने एकतो भक्ति अने भक्तिविना बीजु
वातमां वैराग्य अने भगवाननुं ज्ञान, जे भा-
गवत होय, तेने थाय तेथी ते परम शांतिने पा
मे. ए चोथुं फल छे. ए जे श्लोकें करीने भ
क्ति आदि लईने चार फल कह्यां, ए एक स-
मर्पणनुं स्थल थयुं.

ते पछी प्रबुध योगेश्वरें भागवत धर्म पहे
ला कहेला छे. तेने शीखवा, त्यांथी आरंभ क
रीने सर्वथकी मनना संग छोडवो अने साधु
ने विषे संग करवो ए वचनादिकें करीने ए

धर्मोने कहेता एवा प्रबुध योगेश्वरे आ श्लो
क कह्यो. श्लोक (भा० ए० अ० ३ श्लो० २८) इष्टं
दत्तं तपो जप्तं, वृत्तं यच्चात्मनः प्रियं ॥ दारान्
सुतान् गृहान् प्राणान्, यत्परस्मै निवेदनं ॥
अर्थ – इष्ट एटले यज्ञादिक करेला होय, द
त्त एटले आपेलुं होय, तप, जप, अने व्रत
एटले करेलुं होय अथवा पोताथी थयेलुं
होय अने जे पोताने वहालुं होय ते स्त्री,
पुत्र, घर, प्राण, एमनुं पुरुषोत्तमने अर्थे
समर्पण करवुं. ए वगेरे सर्व कहीने भक्ति
ये करीने माया तरवा रूपी जे धर्म, शीखवा-
नुं फल कह्युं. अने अग्यारमा अध्यायमां प
ण उध्धवजीये पूछ्युं ॥ श्लोक ॥ (भा० ए० अ० ११
श्लो० २६) भक्तिस्त्वय्युपयुज्येत, कीदृशी स
द्भिरादृता ॥ अर्थ – सत्पुरुषो जेने आदर करे
छे, ते भक्ति केवी आपने विषे योग्य छे? ए
प्रश्न उध्धवजीये कर्यो, त्यां भगवाने कह्युं छे
(भा० ए० अ० ११ श्लो० ३४) मल्लिंग मद्भक्त



जन, दर्शनस्पर्शनार्चनं ॥ अर्थ – महारा स्वरू-
पनुं दर्शन, महारा भक्तनुं दर्शन, स्पर्शन अने
पूजन वगेरे धर्मो जेमां कह्या छे, एवा आ श्लो
के करीने सर्व भाव एटले जे मले, ते मने अं-
गीकार करावी अने दासपणाए करीने आ
त्मनिवेदन करवुं. एरीते आत्मनिवेदन ने
भक्तिमां गण्युं छे. फल तो त्यां कह्युं नथी.
तेथी प्रश्न वचनमां कहेलो भगवानमां उप
योग तेज फल छे, अने ओगणीशमा अध्या
यमां उध्धवजीये पूछ्युं के, (भा० ए० अ० १९
श्लो० ८) ज्ञानं विशुद्धं विपुलं यथैतद्विज्ञान
वैराग्ययुतं पुराणं ॥ आख्याहि विश्वेश्वर
विश्वमूर्ते, त्वद्भक्तियोगं च महद्विमृग्यम् ॥
(भा० ए० अ० १९ श्लो० १९) भक्तियोगः पुरैवो-
क्तः प्रीयमाणाय तेऽनघ ॥ पुनश्च कथ-
यिष्यामि, मद्भक्तेः कारणं परम् ॥ अर्थ –
महापुरुषोने शोधवालायक एवो आपनो भ
क्तियोग छे, ते हे विश्वना ईश्वर! हे विश्वमूर्ते!

आप मने कहो. जेम उद्धवजीयें प्रश्न कर्यो
त्यारें आप कहेछे. के हे निष्पाप उद्धवजी! भ-
क्तियोग तो तमने पेहेलांज कह्यो छे. पण म-
हारी भक्तिनुं परम कारण फरीपण तमने
कहीश. एवी प्रतिज्ञा करीने ओगणीशमा
अध्यायमां कह्युं छे. श्लोक ॥ (भा० ए० अ० १९
श्लो० २०) श्रद्धामृतकथायां मे, शश्वन्मदनु
कीर्त्तनं ॥ परिनिष्ठा च पूजायां, स्तुतिभिः
स्तवनं मम ॥ अर्थ– म्हारी अमृत कथामां
श्रद्धा एटले श्रवण करवुं, अने कीर्तन करवुं,
पूजाने विषे परिनिष्ठा एटले चित्त अने शरीर
नी स्थिरता अने स्तोत्रोएं करीने स्तुति करवी
अने परिचर्या एटले दासना धर्ममां आदर
अने जथा अंगोएं करीने अभिवंदन[1], ए रीतें
कारण जताव्युं ते ए श्लोक वगेरे बीजा चार-
श्लोकोएं करीने भक्तिना परम कारणने कहे
ता एवा जे भगवान तेमणे कह्युं ॥ श्लोक ॥

१ साष्टांग नमस्कार



(भा० ए० अ० १९ श्लो० २४) एवं धर्मैर्मनुष्या-
णा, मुद्धवात्मनिवेदिनां ॥ मयि संजायते
भक्तिः, कोऽन्योर्थो स्यावशिष्यते ॥ अर्थ-
हे उद्धवजी! आत्मनिवेदी जे मनुष्यो छे ते-
मने, एवा धर्मोयें करीने म्हारे विषे भक्ति
थाय छे. एथी उपरांत कोई पण पुरुषा-
र्थ बाकी रहेतो नथी. ए वचनोएं करीने
अधिकारपणाएं आत्मनिवेदन कह्युं, ते
जतावे छे.

जे आत्मनिवेदी मनुष्योने म्हारे विषे
भक्ति थाय छे. एम कह्युं, तेमां आत्मनि
वेदनने अधिकारपणुं जताव्युं अने म्हारे
विषे भक्ति थाय, एथी उपरांत कोईपण
पुरुषार्थ बाकी रहेतो नथी. एम कह्युं, तेथी
फलनी परमकाष्ठा[1] जतावी. आहींजे वर्णन
कराय छे, ते ब्रह्मसंबंधरूप समर्पण तेनुं
फल तथा तेनुं प्रसिद्धपणुं अने तेनुं जरूर

१ छेल्ली सीम

પણું પણ જે છે, તે ઓગણીશમા અધ્યાય
માં જે વાક્ય છે તેનો આ અનુવાદ[1] કરશે.
એવી શંકા મટાડવા સારૂ અને તેવી રીતનો
તે વખતના ભગવાનનાં વચનોનો અનુવાદ
છે એ પણ જતાવવા સારૂ શ્રાવણ માસ વ
ગેરે કાલ કહ્યો છે. તેમાં જે શ્લોકરૂપી વા
ક્યો છે તે ભગવાનનાં જ છે. કેમ કે કહે છે
"તદક્ષરશઉચ્યતે" તેથી કહ્યું શું? જે ભગવા
નનાં વચનો છે તે કહેવાની જ આ પ્રતિજ્ઞા
છે. કાંઈ ગ્રંથ નવીન કરવાની પ્રતિજ્ઞા નથી.
એ રીતે શ્રી પુરૂષોત્તમજી કહે છે જે, મને ભા
સે છે.

હવે શ્રી પુરૂષોત્તમજી પ્રાચીનો તરફથી પો
તાનાં, ઉપર કહેલાં વાક્યોમાં આપ પોતેજ શં
કા કરે છે કે, તે વખતનાં ભગવાનનાં જે વચ-
નો છે તેમનીજ કહેવાની જો પ્રતિજ્ઞા હોય તો
તે વખત સમર્પણનું ગદ્ય કહ્યું છે તે આહીં કાં

૧ કહેલી વાતનું કહેવું.



ન કહ્યું? ત્યાં કહીએ છીએ. જે એ પંચાક્ષરના
મંત્રની ટીકા જેવું છે, તેથી અત્યંત ગોપ્ય છે તે
માટે ન કહ્યું એમ જાણવું. કેમકે શાસ્ત્રમાં
અતિ ગોપ્ય મંત્રોનો ઉદ્ધાર[1] કરાય છે. પ
ણ કાંઈ ઉઘાડા આખા મંત્રો કહી દેખાડાતા
નથી તેમાં દૃષ્ટાંત કહે છે. ॥શ્લોક॥ (ભા૰ દ્વિ૰
અ૰ ૯ શ્લો૰ ૬) स्पर्शेषु यत्षोडशमेकविंशं,
निष्किंचनानां नृप यद्धनं विदुः॥ અર્થ—સ્પ
ર્શમાં શોળમો અને એકવીશમો અક્ષર એ વ
ચન કહ્યું પણ "તપ" એમ જુદું ભગવાને બ્ર
હ્માજી પ્રત્યે શ્રીભાગવતમાં ન કહ્યું, તેમ આ
પંચાક્ષર મંત્રનું વિવરણપણું[2] આ ગદ્યને છે
એમ જાણવું કેમ કે, મંત્રમાં તમારો દાસ છઉં
તેમાં, છઉં જે ક્રિયાપદ છે, તેનો કર્ત્તા એટલે
સમર્પણનો કર્ત્તા તેનું સ્વરૂપ અને જે આજો
પરિકર (એટલે ઘરબાર) તે સહિત એવ્યક્તિ તેને
ભગવદીયપણું છે. તેને જ ભગવાનના વિયોગી

૧ એક ગ્રંથમાંથી જુદી જુદી જગોએથી અક્ષરો ભેગા કરીને જે મંત્ર લેવો તે. ૨ ટીકા

पणा वगेरेनो बोध, गद्यमां कराव्यो छे. अने
मंत्रमां रहेलुं "तव" पद छे, तेमां भगवान जेना
स्वामी छे एवा संबंधयुक्तपणुं जताव्युं छे.
अने "भगवते" ए पदे करीने जेने विशेषण आ
प्युं छे एवुं "कृष्णाय" ए पदे करीने पण जेना
उपर कोईनो अंकुश नहीं, एवा जगतना ई
श्वरपणा वगेरे गुणोनो कृष्णमां बोध करा
व्यो छे. तेथी अवतारथी जूदा पाडीने एटले
मूलरूप अवतारी पुरुषोत्तम छे. ते जतावीने
मंत्रमां जे कृष्ण पद छे; तेनी टीका करी तेथी
करीने गद्य नथी कह्युं ॥ श्लोक ॥ (भा० ए० अ०
१९ श्लो० २४) मयि संजायते भक्तिः; कोऽन्यो
र्थोऽस्यावशिष्यते ॥ अर्थ— मारे विषे जेने भ
क्ति रूडा प्रकारें उत्पन्न थाय छे तेने अन्य
कहेतां बीजो क्यो अर्थ बाकी रहे छे? उपर
लखेलां भगवानना वचनमां "मयि" ए पदें क
रीने म्हारे विषे आत्मनिवेदन करनारा एवो
अर्थ थाय छे "चर्मणि द्वीपिनं हंति" ए शास्त्र-



ना वचनें करीने म्हारासारु एवो अर्थ त्यां
थई शके छे. अने एज योग्य छे. तेथी आहीं
गद्यमां भगवानसारु एम कह्युं छे. तेथी एनी
अने गद्यनी जूदी विभक्ति छतां अर्थ एकज
छे. तेथी दोष नथी अने समर्पण ते आत्म
निवेदनपणाएं करीने नवधा भक्तिमां
प्रसिद्ध छे, ते आत्मनिवेदनमां संदेह नथी
तेथी पण गद्य कह्युं नथी. ए समर्पणने दो
ष मटाडनारपणुं श्रीभागवतना षष्ठ स्कंध-
मां अजामिलना आख्यानमां कह्युं छे ॥ श्लो
क ॥ (भा० ष० अ० १ श्लो० १६) न तथा ह्यघवान्
राजन्, पूयेत तप आदिभिः ॥ यथा कृष्णार्पि
त प्राण, स्तत्पूरुष निषेवया ॥ अर्थ— जेम श्री
कृष्णमां जेणे प्राण अर्पण कर्यां होय, ते कृ
ष्णना पुरुष एटले भगवद्भक्त तेनी सेवाएं
करीने पवित्र थाय छे, तेम बीजां साधनोथी पवि-
त्र थता नथी एणे करीने भगवदीयना संग-
थकी समर्पणने दोष निवर्त्तकपणुं कह्युं छे.

श्लोक॥ (भा० द० अ० २९ श्लोक १०) दुःसहप्रेष्ठ
विरह, तीव्रताप धुताशुभाः॥ अर्थ—न सह
न थाय एवो जे श्रीकृष्णविरहनो तीव्रता
प, तेणे करी टल्यां छे अशुभ जेनां ए अ
र्थ जतावनारुं[1] उपरनुं वचन, तेमां सर्व अ
शुभने मटाडनारपणाए करीने जणाय छे
दुःखथी सहेवाय नहीं एवो भगवाननो वि
रहताप ते श्री आचार्यजीए विचार क-
र्यो, ते वखत जीवोमां न हतो त्यारें सेवा
नो अंगीकार भगवान करे तेवी रीतनी
दोषनिवृत्ति, ए विरह विना केम थाय? ते
शंका मटाडवासारु "ब्रह्मसंबंधकरणात्" ए
पदे करीने पूर्वोक्त[2] भगवाननुं कहेलुं कहीने
सर्व दोषोनी निवृत्ति आहीं ठरावी छे. श्लो
क (भा० ए० अ० १९ श्लो० २४) एवं धर्मैर्मनु
ष्याणामुद्धवात्मनिवेदिनां॥ मयि सं-
जायते भक्तिः कोन्योऽर्थोऽस्यावशि-

१ मरवुं. २ पहेलां कहेलुं.



ष्यते॥ अर्थ—हे उद्धवजी! जे आत्मनिवेदी
मनुष्यो छे तेमने एवा धर्मोए करीने मारे
विषे भक्ति थाय छे. एथी उपरांत कोई
पण पुरुषार्थ बाकी रहेतो नथी. भगवा
ने आत्मनिवेदनने भक्तिमार्गना धर्म,
तेना अधिकारपणानो बोध कराव्यो छे.
तेणे करीने आज अर्थनी सूचना करी छे,
कारण के, जे न समजातुं होय, ते न समजा
ववुं; पण जेमां संदेह न पडतो होय अथ
वा सुखे समजातुं होय तो ते कहेवानी जरु
र नथी. तेथी आहीं गद्य कह्युं नथी एम ज-
णावुं. त्यां शंका करे छे जे, भगवानना वाक्य क
हेवानी प्रतिज्ञा कहेवा करतां, तेना अर्थ क
हेवानी प्रतिज्ञा आप करे छे. एम कहेवुं सारुं छे?
केम के आटलुं उपपादन करवानी, उपर कहेली मह
नत न पडे? एवी शंका न करवी. केमके वाक्य क
ह्यां त्यारें गद्य केम न कह्युं? एवी शंका उत्पन्न था
य छे. तेम अर्थ कहेवानी प्रतिज्ञामां गद्यनो अर्थ

केम न कह्यो? एवी पण शंका उत्पन्न थाय छे. त्यारें
शंका उत्पन्न थई त्यारें उपपादन[1] करवानी जरूरी
पत रहे छे, तेथी जेह पक्षमां ओछावचतापणुं नथी
माटे उपर लखेली शंका न करवी. अने प्राची-
नोएं नथी कह्युं तेमां गद्यनुं गोप्यपणुं ए-
ज कारण छे. अने में तो जे कह्युं ते बहिर्मु-
खजनुं मोढुं भांगवा सारु कह्युं छे. तेथी प्राची
नोएं उपपादन न कर्युं. अने मे कर्युं ए
विरोध दोषने अर्थे नथी. म्हारा उपपादन
करवामां मार्गनुं रहस्य तेने उघाडुं करवा
रूप अपराध आवे छे. पण प्रकाशतो बीजा
ओएं कर्यो छे. तेथी तेनो संदेह मटाडवा
सारु आ म्हारी कृति छे. तेम म्हारी-
म्होटाई देखाडवा सारु नथी तेथी भगवा
न् अने श्री आचार्यजी, म्हारा अपराधने
क्षमा करो ए रीतें हुं विनति करूं छुं. ए दिशा
बतावी छे ॥श्लोक॥ (भा.ए.अ.३श्लो.२८) दारान्

१ युक्तियें करीने ठेराववुं.



सुतान् गृहान् प्राणान्, यत्परस्मै निवेदनं
॥ अर्थ- स्त्री, पुत्र, घर, प्राण, एमनुं पुरुषो
त्तमने अर्थे समर्पण करवुं. ए प्रबुद्ध यो
गेश्वरें जे कहेलुं दार, सुत, घर अने प्राणनुं
निवेदन तेने अने कविना कहेला कार्यादि ध
र्मनुं समर्पण तेने, अने एकादश स्कंधमां कहे-
लुं दास्यें करीने आत्मनिवेदन तेने, पण गद्य
मां जणातापणुं छे. तेथी समर्पणनुं जे गद्य
तेने योगेश्वर वगेरेना वचनोनुं अनुवादप
णुं छे? एवी शंका न करवी- अर्थथकी अने
शब्दथकी पहेलाना बोलवा जेवुं होय तो
अनुवादपणुं कहेवाय. ते आहीं देखातुं न-
थी अने ते ठेकाणाओमां कहेलुं जे फल छे
ते आहीं कह्युं नथी त्यारें शुं छे? जे सेवा क
रवाना उपदेशथी, पहेला ब्रह्मसंबंध कर-
वाएं करीने ओगणीशमा अध्यायमां से
वा करवानुं अधिकारपणुं छे. ते आहीं दे
खाय छे. तेथी आत्मनिवेदन कर्यापछी

કરાય એવી સેવા, તેના ફલપણાએ કરીને
કહેલી જે મહોટા પુરુષોને શોધવા લાયક
ભક્તિ તેની આ ઠેકાણે "સહસ્રપરિ" એ ન
અધિકારીનું વિશેષણ તેણે કરીને ફલપણા
એ કરીને સૂચના કરી છે. તેથી પ્રભુપણા ક
હેલા અર્થનો સંગ્રહ ગદ્યમાં છે. તોજેપણ
અંતઃકરણ આત્મ સહિત આ લોક અને પરતે
પરલોક એમનો અધિકનો નિવેશ છે. તેણે ક
રીને ઓગણીશમા અધ્યાયમાં કહેલું જે
"આત્મનિવેદિનાં" એ અધિકારી મનુષ્યોનું
વિશેષણ, તેણે કરીને સૂચન કરેલું સંસ્કારનું
સ્વરૂપ, તેનો નિશ્ચય કરનારું જે આ ગદ્ય,
તેમાં યોગેશ્વરાદિકનું કહેલું, તેથકી ભૂંડુ ન
આ સમર્પણ જાણવું. હવે અંતઃકરણાદિક
નું કહેવું તે અધિક છે. તેથી સમર્પવાની જ
ગ્યામાં અપ્રમાણતાની[2] શંકા ન કરવી. કેમકે,
રાજા અંબરીષની વાત, ભગવાને મનમાં લ

૧ ગદ્યમાં લીધેલો છે. ૨ શાસ્ત્રપ્રમાણે નહીં. ૩ સગાં



ઈને કહ્યું છે. ॥ શ્લોક (ભા૦ ન૦ અ૦ ૪ શ્લો૦ ૬૫)
ये दारागारपुत्राप्तान्प्राणान्वित्तमिमं परं॥
हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे॥
અર્થ - દાર, ઘર, પુત્ર, પ્રાણ, આ લોક અને પર
લોક તેનો ત્યાગ કરીને જે મહારે શરણ આવ્યા
છે, તેમનો હું કેમ ત્યાગ કરી શકું? એ રીતે દુર્વા
સાપ્રત્યે ભગવાનનું વાક્ય છે. તેમાં એ ભગ-
શોપણ સમર્પવી જતાવી છે. ત્યારે આ વાક્યમાં
"હિત્વા" એ પદે કરીને સ્ત્રીઆદિકનો ત્યાગ જતા
વે છે. કંઈ સમર્પણ જતાવતા નથી, તે થકી સમ
ર્પણના અંશમાં "હિત્વા" એ વચનને પ્રમાણપ-
ણું કેમ આવશે? એવી શંકા ન કરવી. કેમ
કે રાજા અંબરીષને તે વખતે રાજ્યદશા હ-
તી. કાંઈ અંબરીષને સંન્યાસીની પેઠે બાહેર-
થી ત્યાગ નહોતો તેથી અંતરનો ત્યાગ કહેવો જો-
ઈએ. અને વલી એ રાજા કેહવો હતો, જેણે
પોતાના હાથ, મંદિરનું માર્જન[1] વગેરે કર-

૧ ઝાડવું, ધોવું, લીપવું વગેરે.

વામાં લગાડ્યા અને કાન, ભગવત્કથા શ્રવ
ણ કરવામાં લગાડ્યા, જે રીતે બધાં અંગ
સેવામાં લગાડ્યાં, તેથી અંબરીષ રાજા એ
મહારાજ જે પૃથ્વીપતિ, તેની જેમ સેવા થા
ય, તેમ ભગવત્સેવા કરવા માંડી. જે રીતે
ભગવદ્ધર્મને જાણીને રક્ષા કરનાર ભગવા
નું છે એમ મનમાં રાજીને સેવા કરી ત્યારે
તે દારાદિકનું સમર્પણ કેમન કરે?[1] તેથી
અર્થ થકીજ સમર્પણ પ્રાપ્ત છે. વસ્તુતઃ તો
રાજા અંબરીષનો મર્યાદા પુષ્ટિમાં અંગીકાર
છે. કાંઈ કેવલ પુષ્ટિમાં નથી, તેમ પુષ્ટિમ
ર્યાદામાં પણ નથી. તેથી મહોટા પુરૂષોને
શોધવા લાયક ભક્તિનું અર્થાપણું એમાં
નથી. અને ત્યાં "સમર્પણ કરીને" એમ ન-
થી કહ્યું. પણ સ્ત્રી પુત્રાદિકનો ફિલ્ા એટ
લે (ત્યાગ) કરીને, એમ કહ્યું છે. તેમાં પણ દોષ
નથી ત્યારે એ રાજા અંબરીષ એના અર્થી

૧ જાડું કહીયે તો.



નથી. તે કેમ જાણવું? ત્યાં કહે છે. ॥ શ્લોક ॥ (ભા. સ્કં.
અ. ૧૨ શ્લો. ૮) કેવલેન હિ ભાવેન, ગોપ્યો
ગાવઃ ખગા મૃગાઃ ॥ યેઽન્યે મૂઢધિયો ના
ગાઃ સિદ્ધા મામીયુ રંજસા ॥ અર્થ - કેવલ
ભાવે કરીને ગોપીઓ, ગાયો, ખગ,[1] મૃગ[2] અને
વગેરે તથા બીજા મૂઢ બુદ્ધિવાલા અને નાગ[3]
એ બધા સિદ્ધ થઈને વગર મહેનતે મને પા
મ્યા છે. એ શ્લોકમાં અંબરીષ નથી ગણ્યા.
તેથી જણાય છે જે મહદ્દભિલષિત[4] ભક્તિનું
અર્થાપણું એમનામાં નથી. વલી શ્રી કૃષ્ણા
વતારથી પહેલાં એ માર્ગ પ્રકટ નહતો, તે
થી આ ગદ્યમાં કહેવાય છે, તે કોઈનો અનુવાદ
નથી. જેમ કર્મનો નિશ્ચય કરનારું કલ્પસૂત્ર
છે. તેમ આત્મનિવેદનનો નિશ્ચય કરનારું આ
એક ગદ્ય છે. એમ જાણવું. ત્યાં શંકા કરે છે
જે એમ થાઓ, પરંતુ પહેલાના યોગેશ્વરના
વાક્યાર્થનો સંગ્રહ, ગદ્યમાં છે. જે ઊઘાડું છે

૧ પક્ષી. ૨ ચારપગવાલાં જનાવર. ૩ કાલીનાગવગેરે. ૪ મહોટા પુરૂષો જે-
ની ઈચ્છા કરે છે એવી.

त्यारें जिज्ञासु[1] एवा पुरुषो तेमनेज अधिकार, जे योगेश्वरना वचनोमां देखाय छे. तेथी पुरुषज आंही अधिकारी थाय छे. स्त्रीओ नथी थती? एवी शंका नकरवी, केमके ॥ श्लोक ॥ (भा० ए० अ० २ श्लो० २) कोनुराजन्निंद्रियवान्, मुकुंदचरणांबुजम् ॥ न भजेत्सर्वतो मृत्युरुपास्यममरोत्तमैः ॥ अर्थ – हे राजा ! मनुष्य छे तेने च्यारे तरफ मृत्यु छे. अने मुकुंद एटले मृत्युथी छोडावनारा, एवा भगवाननुं चरणांबुज[2] छे, ते जे अमरमां पण उत्तम छे, एवा पुरुषोने उपासना करवालायक छे, अने छतां इंद्रियवालो कोण एवो नहीं भजे? माघमाहात्म्यमां कह्युं छे. सर्वेऽधिकारिणो ह्यत्र, विष्णुभक्तौ यथा नृप ॥ अर्थ – हे राजा, जेम विष्णुभक्तिमां सर्वे अधिकारी छे, तेमज आ माहमहिनाना स्नानमां सर्वे अधिकारी छे. वली ॥ श्लोक ॥ (भा० स० अ० ८ श्लो० ५०) देवोऽसुरो मनुष्यो वा, यक्षो गंधर्व एवच ॥ भजन्मु-





कुंदचरणं, स्वस्तिमान्स्याद्यथा वयं ॥ अर्थ – देव, असुर, मनुष्य, यक्ष, गंधर्व, ए मुक्ति आपनारा जे मुकुंद भगवान तेमना चरणारविंदने भजे, ते सुखी थाय. जेम प्रल्हादजीयें कह्युं छे तेथी हाथ पगवाला, मनुष्यमात्रने भक्तिमां अधिकार छे. ए वचनोयें करीने इंद्रियवालापणायें[1] करीनेज बधाने नवप्रकारनी भक्तिमां साधारण रीतिनो अधिकार ठरे छे. त्यारें भक्तिरूप आत्मनिवेदन तेमां स्त्रीओने अधिकार नहीं, एम कही शकातुं नथी. तेथी स्त्रीओने अधिकार नहीं? एवी उपर तजेली शंका न करवी. वली स्त्रीओना अधिकारनी ना पाडी नथी एटलुंज नहीं पण अधिकार कह्यो छे. ते उपर वचन ॥ श्लोक ॥ (भा० स० अ० ७ श्लोक १६) तत्तु कालस्य दीर्घत्वात्, स्त्रीत्वान्मातुस्तिरोदधे ॥ ऋषिणाऽनुगृहीतं मां, ना

धुनाप्यजहात्स्मृतिः ॥ अर्थ- काल घणो थयो तेथी स्त्रीपणाये करीने मा तो भूली गई अेरीतनुं दैत्यबालकोप्रत्ये प्रल्हादजीनुं वाक्य, तेमां कयाधु प्रल्हादजीनी माता, तेना साटे नारदजीअे नवधा भक्तिनो उपदेश कर्यो छे, तेथी नवधा भक्तिमां स्त्रीने अधिकार नथी. अेम कही शकातुं नथी. तेथी स्त्रीने अधिकारी गणी छे अेम आ वाक्यउपरथी देखाय छे. अेकादशस्कंधमां संवादने पूरो करता अेवा जे भगवान् ॥श्लोक॥(भा०ए०अ०२९श्लो०३१) एतैर्दोषैर्विहीनाय, ब्रह्मण्याय प्रियाय च ॥ साधवे शुचये ब्रूयाद्भक्तिः स्याच्छूद्रयोषितां ॥ अर्थ- साधु अेटले सारा पुरुष अने पवित्र तेमने कहेवुं, तो शूद्र अने स्त्रियोने भक्ति थाय. अे वचनना बलथी शूद्र तथा स्त्री अे जे सारा माणस अने पवित्र होयतो तेमना आगल कह्याथी



तेमने पण भक्ति थाय छे. त्यारें पहेलांनुं[1] कहेवुं छे, तेथी आज्ञा करेली छे. जेवो अधिकारी होय, तेवुं करावबासारुं कहे छे. श्लोक॥(भा०ए०अ०१२श्लो०४) विद्याधरा मनुष्येषु, वैश्याः शूद्राः स्त्रियोऽन्त्यजाः ॥ रजस्तमः प्रकृतयस्तस्मिंस्तस्मिन्युगेऽनघ ॥(भा०ए०अ०१२श्लो०५) बहवो मत्पदं प्राप्तास्त्वाष्ट्रकायाधवादयः ॥ अर्थ- वली विद्याधर मनुष्योमां वैश्य, शूद्र, स्त्री अने रजोगुण तमोगुण प्रकृतिवाला, ते ते युगमां हे निष्पाप उद्धवजी, वृत्रासुर अने प्रल्हाद अे आदि लईने घणा म्हारा चरणने पाम्या छे. अेमां स्त्रीओने पण सत्संगना फलनो पण बोध कराव्यो छे. त्यां शंका करे छे जे स्त्रीओ पण आत्मनिवेदनमां अधिकारी थाओ, तो अेपण स्त्री, बालक अने विरक्त, तेमने ज्यारें निवेदन करावीअे, त्यारें अेमने स्त्री वगेरे छे

१ पहेलां कहेला प्रमाणे.

नहीं त्यारें घर वगेरे पद त्यां न कहेवुं-
जोईअें. त्यारें ते पदनुं अकथन अने
स्त्रीने व्हाल संबंध करावती वखते "प-
ति" अेवुं नाम लेवुं जोईअें अने छोक
राने करावती वखते "पिता" अेवुं नाम
लेवुं जोईअें. अने तेम न करे तो बाप
नुं अने पतिनुं समर्पण न थाय, त्यारें
तेना संगथी दोष थाय त्यारें तेवी री-
त केम नथी करता? अेवी शंका
न करवी केम जे, सृष्टिन्याय करीने
घणुं करीने जतावनारी अेवी जे गौ-
णी वृत्ति तेणे करीने दार पदें करीने पति
पण लेवाय. दीकराना नामथी बापनुं
ग्रहण थाय जे उपलक्षणरीतिथी था-
य. अेम तेमने समर्पितपणानी सिद्धि
थाय छे. ते सृष्टिन्यायथी थाय छे. सृ
ष्टिन्याय ते शुं? त्यां कहे छे. जे जैमिनी

१ न कहेवुं.



सूत्रना पहेला अध्यायना अंतमां "सृष्टि
रुपदधाति" अेवाक्य छे, तेणे करीने सृ
ष्टि जेनुं नाम छे अेवी ईंटो छे तेने मेल-
वु जतावे छे. जे यज्ञमां अेक पक्षीने
वो चोतरो जनावे छे ते पक्षी पांचसो
ईंटोनुं बने छे अने ते ईंटोनुं नाम सृ
ष्टि. ते "तद्वाना सामुपधाने मंत्र" अेवुं पा
णिनीयऋषिनुं सूत्र छे, तेथी तेना मेल
वामां सृष्टिवाला मंत्र कहेवाता होय, ते स
ष्टि अेवुं ठरे छे. हवे मंत्रो तो "ब्रह्मासृज्यत, भूतान्यसृ
जत" अेवगेरे मंत्रो कहेवाय छे. पूर्वोक्त मंत्रमां-
"सृजति" शब्द लीधो नहीं, अने "दधाति" शब्द
लीधो. कांई सृष्टि शब्द लीधो नथी तोपण
ए बीजा त्रीजा वगेरे घणा मंत्रोमां सृजति
धातुना प्रयोगथी घणारूपी सरखापणुं
छे तेथी सृष्टि शब्द छे ते सृष्टिनो अने अ-
सृष्टिनो संबंध जणावे छे. तेथी "दधाति" पण
सृष्टिमां गणाय छे. तेम जे के, पति अने पिता

એનાં નામ નથી લેવાંતાં તોએપણ સ્ત્રીનું નામ લેવાથી પતિનું નામ આવી જાયછે-અને પુત્રનું નામ લીધાથી પિતાનું નામ આવી જાયછે. તેથી તેનો દોષ નથી-એમ થાઓ તથાપિ દેહાદિક આત્મા તેમને સમર્પું છું-એમન કહીને જૂદાં જૂદાં નામ લીધાં તેનું કારણ શું? એવી શંકા કરે, ત્યાં કહીયે છેયે;જે સમર્પણ કરવાનો જેટલો અંશ છે એ કતો તેનો સાર, અને જેટલી જણશો, સ્ત્રી પુત્રાદિક ગદ્યમાં કહીછે, તેટલી જણશોમાં હું મહારારૂપી જે અધ્યાસ[1] છે તે ન હોવા સારૂ તે તે જણશના સ્વરૂપને ઊઘાડું જતાવવા સારૂ જૂદાં જૂદાં નામ લે છે, એ કારણ છે-એમ તું જાણ-આ હીં આત્મનિવેદનમાં સર્વનું સહિતપણું થવું જોઈએ, તેથી દેહાદિક કહી દેજાઈને આત્મા નું સહિતપણું જૂદા જૂદા નામથી કહે છે. અને દેહાદિક તે હું એવા રૂપે કરીને જણાએછે અને દેહાદિકના ધર્મ, એટલે ગુણ, તેમાં હુંપણું અને મહારાપણું એ જે તત્તરહથી જણાય

1 પોતેન હોય અને પોતારૂપ જણાવું-



છે-સ્ત્રીપુત્રમાં તો કેવલ મહારાપણુંજ જણાય છે આત્માસહિત સમર્પણ કરૂં છું એમ કહીએ તો તેથી આત્માને ગૌણતા થાય છે? ત્યાં કહે છે જે પિતાને નિમંત્રણ કર્યું છે. તેની સાથે જે પુત્ર પણ આવ્યો, તેથી કહીએ જે પુત્ર પિતા સહિત આવ્યો છે, તેમાં કંઈ પિતાને ગૌણપણું નથી આવતું, તે પ્રમાણે આત્મા સહિત એમ કહેવાથી પણ ગૌણપણું આવતું નથી. તેથી ગદ્યમાં જેનો જોગ કરાએછે એવું જે સમર્પણ, તે ઓગણીશમા અધ્યાયમાં કહેલો જે અધિકાર તેના સ્વરૂપને જ જતાવનારૂં છે શાથી? જે ગદ્ય તથા પદ્યાક્ષર રૂપી જે વાક્ય તેનો અર્થ જે છે, તે પહેલાના કોઈ વાક્યમાં નથી. તેથી કોઈનો અનુવાદ એ નથી. આ વાત પ્રસંગથી કહી છે. તે પૂરી કરીએ છેયે.

॥ મૂલશ્લોક ॥

**ब्रह्मसंबंधकरणात्, सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिर्हि,**

અર્થ— બ્રહ્મસંબંધ કરવાથી સર્વેના દેહના અને

જીવના સર્વ દોષની નિવૃત્તિ થાયછે. એ એનો સાધારણ અર્થ કહ્યો. હવે એની ટીકા કરેછે. બ્રહ્મસંબંધ એટલે સર્વમાં ભગવત્‌સ્વામિત્વરૂપી[1] જે સંબંધ. તે બ્રહ્મસંબંધ, તેનું કરવું, તે ભગવાને શ્રીઆચાર્યજી પ્રત્યે ગદ્યે કરીને કહ્યો જે આત્મસમર્પણનો પ્રકાર, તે રીતે ભગવાનવિષે પોતાના આત્મા સહિત પોતાના સર્વ પદાર્થોના સ્વામીપણાની વિજ્ઞાપના કરવી, તે બ્રહ્મસંબંધનું કરવું કહેવાય. તે ભગવાન રમતા નથી અને જીવની ઇચ્છા કરે છે પછી પતિને પત્ની થાય છે. એવા અર્થવાળી શ્રુતિઓ છે. તેથી તથા બલીરાજાને બાંધ્યા છે તે વખતમાં ભગવાન પ્રત્યે બલીરાજાની સ્ત્રી વિંધ્યાવલીનું વચન છે. શ્લોક॥ ( ભા० અ० અ० ૨૨ શ્લોક ૨૦ ) क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते, स्वाम्यं तु तत्र कुधियो पर ईश कुर्युः ॥ कर्तुः प्रभोस्तव किमस्यत आवहंति, त्यक्तह्रिय स्त्वदवरोपितकर्तृवादाः॥

1 ભગવાન જેના સ્વામી છે તે પણું.



અર્થ-પોતાની ક્રીડા માટે જે આ ત્રિગુણાત્મક જગત્ આપે કર્યું છે. તે પોતાને રમવા સારૂં કર્યું છે. પણ સ્વામી તો આપ છે. પરંતુ કુબુધ્ધિયો છે તેથી પોતાનું સ્વામિત્વ માને છે. એ વાક્યે કરીને વસ્તુતઃ સર્વને ભગવદીયપણું છે. તોએ પણ "સર્વે નૈવ રેમે" એ શ્રુતિના સંદર્ભથી[1] જીવ વગેરેનું સ્વરૂપ કર્યું. એમ અર્થ થાય છે. તેથીજ રમણને અર્થે જીવનું નિર્માણ કર્યું છે. હવે રમણના પદાર્થોમાં પોતાની અને પોતાના પણાની અભિમતિ[2] છે. તે રમણ સારૂં કરી છે. તે પેદા કરેલી અભિમતિ છોડીને તે તે પદાર્થોમાં ભગવત્સ્વામીત્વની વિજ્ઞાપના કરવી, તેથી જેમણે જેમણે આત્મસમર્પણ કર્યું, તેમના દેહ તે સ્થૂલ શરીર, અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, એ લિંગ શરીર, એ બેઉના હિ શબ્દે કરીને નિશ્ચય કરીને દોષો નિવૃત્ત થાય છે. તેથી ભગવાને જ શ્રીગીતાજીમાં અર્જુનપ્રત્યે આ

1 પ્રસંગથી. 2 હું ને મહારૂં એ બેવારૂપી અભિમાન.

ज्ञा करी छे. ॥श्लोक॥ (गी० अ०९ श्लो०२८) यत्करोषि यदश्नासि, यज्जुहोषि ददासि यत्॥ यत्तपस्यसि कौंतेय, तत्कुरुष्व मदर्पणं॥ अर्थ- हे कुंतीना पुत्र अर्जुन! तुं जे करे छे, जे अशन करे छे, जे होम करे छे, जे कंई दान करे छे, जे तप करे छे, ते सर्व मने अर्पण कर. ए वगेरे वचनोए करीने सर्व कर्मनुं अर्पण करवानो योग्यपणाजें उपदेश करीने ॥श्लोक॥ (गी० अ०९ श्लो०२९) शुभाशुभफलैरेवं, मोक्ष्यसे कर्मबंधनैः॥ अर्थ- शुभ अने अशुभ, जे जेनां फल छे, एवां जे कर्मबंधनो, तेथी मुक्त थईश. ए समर्पणनुं फल कह्युं. वली ॥श्लोक॥ (भा० स्कं०११ अ०२ श्लो०३५) यानास्थाय नरो राजन्न प्रमाद्येत कर्हिचित्॥ धावन्निमिल्य वा नेत्रे, न स्खलेन्न पतेदिह॥ अर्थ- हे राजा! जे धर्ममां सर्व प्रकारथी व्यासे, तेमां प्रमाद एटले गा



फलपणुं न थाय, अने आंख मींचीने दोडे, तो पण पडे नहीं. ए वचने करीने गाफलपणुं अने पडवुं नथी थतुं. ए भगवत्कर्ममां तत्पर रहेवानुं फल कह्युं. केमके वस्तुतः सर्वने ब्रह्मरूपपणुं छे. तेथी त्यां भगवदीयपणानी याद राखे, त्यारें तेना उपदेहभूत[1] ने प्राकृत गुणथी थएला दोषो, तेनी निवृत्ति थाय छे. ते घटे पण छे. त्यारें सर्व जीवोना जीवना अने देहना दोषोथी एओनी सेवा भगवान् अंगीकार करशे के नहीं? एवी चिंता न करवी, एवो मतलब छे. मूलमां "सर्वेषां" एटले सर्वना ए पद छे. तेणे करीने सप्तमस्कंधमां प्रह्लादवाक्यमां कहेला सर्व भजनाधिकारीओ लीधा छे. ॥श्लोक॥ (भा०स्कं० ७ अ०७ श्लोक ५०) देवोऽसुरो मनुष्यो वा, यक्षो गंधर्व एव च॥ भजन्मुकुंदचरणं, स्वस्तिमान्स्याद्यथा वयम्॥ अर्थ- देव, असुर, मनुष्य, यक्ष, गंधर्व, एमनामांथी

१ पोताना देह जेवा जेम अंगरखुं बखतर वगेरे.

જે કોઈ, મુકુંદ જે મુક્તિ આપનારા ભગવાન્,
તેમના ચરણારવિંદને ભજે, તો જેમ એ સુ
ખી થયા છે, તેમ સુખી થાય. એમ પ્ર-
હ્લાદજીનું વાક્ય છે. હવે જીવપદે કરીને શરીર
સહિત ચૈતન્ય આહીં ગણ્યું છે. કેમ કે એકલા
જીવમાં પોતામાં દોષ નથી તે અસંગ શ્રુતિએં
શારીર[1] બ્રાહ્મણમાં જણાવ્યે છે તેથી એકલો
જ જીવ નહીં અને દેહ પદ જૂદું જે કહ્યું, તે તો
સ્થૂલ[2] અને લિંગ શરીરના દોષો, તેમનો ક્ષણ
ક્ષણમાં અનુભવ થાય છે. તેથી દોષની જાણ
છે. એમ બતાવવા સારૂં દેહ પદ છે. અથવા જી
વપદે કરીને, સ્થૂલ દેહ અને લિંગ,[3] એ બે દેહ
એમ જાણવું. ત્યાં શંકા કરે છે, જે બ્રહ્મસંબં
ધ કરવા માત્રથીજ જે બધાના દેહના અને જી
વના સર્વે દોષોની[4] નિવૃત્તિ થાય, તો નિર્દોષ છે,
તેથી પ્રતિબંધ કરનાર કોઈ રહ્યું નહીં. ત્યારે તે
જ વખતે સેવાના મુખ્ય ફલની પ્રાપ્તિ થાય
કેમ કે, ગદ્યમાં, તેને માટેજ "સમર્પણ" કહ્યું છે.

૧ વેદનો એક ભાગ છે. ૨ મહોટું. ૩ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારતેનું
૪ દોષનું મટવું.



અને સેવા[1] ફલની કહેલી રીતે મુખ્ય ફલ તો
ભગવાનના દાનથી એટલે આપવાથીજ થાય
છે. તો તે ન થાય તોયપણ મધ્યમ ફલ જે
સાયુજ્ય,[2] તેની પ્રાપ્તિ તો થાયજ. કેમ કે, તેમાં
પ્રતિબંધ કંઈ નથી? તેથી થવી જોઈએ. એ
વી શંકા કરે છે, જે બ્રહ્મસંબંધનું ફલ તો દો
ષોની નિવૃત્તિ છે, અને આ તો સેવાનું ફલ
છે. અને સેવા તો હજી કરી નથી, ત્યાં કહે છે
જે, સેવા તો પહેલાં કરી છે, એ વાત ગદ્ય
માં પ્રસિદ્ધ છે. અને શાસ્ત્રથી સિદ્ધ જે સે
વા, તેને નિષ્ફલપણું કહી શકાએ નહીં, તે
થી આ જે કહેવાય છે એવો જે પુષ્ટિમર્યાદ
માર્ગ, તેનો ઉચ્છેદ થાય, કેમ કે ઉપદેશ કર
નાર કોઈ રહે નહીં. વલી કહી જે રીતિ તે રીતિ
એં બ્રહ્મસંબંધ કર્યા પછી પણ દોષોનો
તો પ્રત્યક્ષ અનુભવ થાય છે, ત્યારે એ પ્ર-
ત્યક્ષનો વિરોધ પણ આવે, ત્યારે દોષો મટ્યા,
તે કઈ રીતે જાણી શકાય? એ આકાંક્ષામાં[3]

૧ એ એક શ્રીમહાપ્રભુજીના કરેલા ગ્રંથમાંનો એક ગ્રંથ છે. ૨ રૂપમાં
મલીજવું. ૩ જાણવાની ઈચ્છા.

दोषोनी निवृत्तिनुं स्वरूप, केहवा सारु पेहे
ला दोषोने गणतां तेनी निवृत्तिनुं स्वरूप स
वा श्लोके करी भगवान् आज्ञा करे छे. ए
म विचारीने ते वचन, श्री आचार्यजी "दोषाः
पंचविधाः स्मृताः" ए रीतें आज्ञा करे छे.

॥ मूल श्लोक॥

**दोषाः पंचविधाः स्मृताः ॥२॥ सहजा
देशकालोत्था, लोकवेदनिरूपिताः॥
संयोगजाः स्पर्शजाश्च, न मंतव्याः क
थंचन ॥३॥ ॥ ॥ ॥**

अर्थ-दोषो पांच प्रकारना मानेला छे. एक
सहज, देशोत्थ, कालोत्थ, संयोगज, स्पर्शज,
ए पांचे दोषो, लोकवेदमां वर्णन करेला छे.
तेथी कोई रीतें भक्तिमार्गमां न मानवा. आ
दोषोमां जीवोना सहज दोष छे, ते एकतो
अविद्यानो संबंध, अने तेनुं करेलुं अभि-
मान, अने प्राणधारणे[1] प्रयत्न ए छे. लिं-
गदेहना सहज दोष ते कामक्रोधादिक छे. अ-

१ प्राण मां बंधावानो स्वभाव.



ने क्षुधादिक पण छे. अने स्थूल देहना सह
ज दोष तो मातापिताना मळानुं[1] संगथी म-
लात्मकपणुं अने रोगादिक पण छे. देशकाल
थकी थयेला दोषो तो सूक्ष्म तथा स्थूल, ए
जे देहने ज छे. जीवने नथी. ते उपचारें करी
ने केहेवाय छे. एटले जेम शिपाईओ लडता
होय, अने राजा लडे छे एम केहेवाय छे.
तेम जाणवुं. हवे देशना उत्पन्न थयेला दोष
ते क्यारे त्यां कहे छे. मगधदेशमां गयाजी,
च्यवनऋषिनो आश्रम, अने पुनःपुना नदी
अने राजगृह, एटलुंज पवित्र छे. अने मरु
देश ते मारवाड ए वगेरे बधा अपवित्र देशो
मां पेदा थयाथी अने जवा वगेरेथी पेदा थये
ला दोषो ते देशोत्थ दोष केहेवाय. अने का
लोत्थ दोष ते कलिकाल थकी थयेला अने भूं
डा मुहूर्त्तथकी थयेला, अने अवस्थाना दोष,
ए सर्व कालोत्थ दोष गणाय. देशकालो-
त्थ ए वचन, द्वंद्वसमासनुं छे. अने एमां

१ मळनुं मळवुं.

पछवाडे उत्थ शब्द छे. ते द्वंद्व समासनी पछ
वाडे छे. तेथी एक एक पदमां एटले देश
पद अने कालपदमां जूदुं जूदुं जोडाय.
ए व्याकरण सिद्धांतनी मर्यादा छे. तेथी
एज दोषो थया. एक देशोत्थ अने बीजो
कालोत्थ, ए दोषोने भक्तिमार्गीय दोषो
थी जूदा पाडवा साहु "लोकवेद निरूपिता:"
एटले लोकवेदमां कहेला एवुं विशेषण
आपे छे. ए जे विशेषण छे, ते देहलीदी
पकवत् पहेला अने पछी कहेला दोषोमां
संबंध करे छे, तेथी ए पांचेनुं विशेषण छे.
ए वात घटे पण छे केमके गुण अने दोष
ए बेमां जूदी दृष्टिए आपेना बतावे-
ला वेदथीज जणाय छे. जेम श्री भागवत
ना एकादश स्कंधमां उध्धवजीनां व-
चन छे ॥ श्लोक ॥ भा० स्कं०११ अ०२० श्लो०
५) गुणदोषाभिदादृष्टि,र्निगमात्तेन हि स्व
तः ॥ अर्थ – गुणदोषरूपी भेद दृष्टि, ते आ

१ उत्तरानादीवानी पेठे २ भगवान्



पना निगम एटले वेदथकी छे. स्वतः उ
त्पन्न थती नथी. ए रीते एकादश स्कंध-
मां उध्धवजीनां वाक्यमां गुणदोषने श्रु
ति[1]मूलक कह्या छे. अने लोक छे ते दूरथकी
श्रुतिना आधारे छे. जेम शूद्रादिकने वेद
भण्या विना पण हिंसारूप पापनुं ज्ञान पर
पराथी थाय छे. अने संयोगथी थयेला
दोषो तो जणीने, अने कर्मे करीने सारी
रीते जे मननो योग थवो ते थकी थाय छे
अने स्पर्शदोष ते जबर नहोय अने मन
पण न होय. तो एपण थई जाय छे. ए री
ते उपर कहेला पांच दोषो छे. ते वेदना क
हेला प्रकारथी अने लौकिक प्रकारथी भ
क्तिमार्गमां न मानवा एटले ए सेवाना
प्रतिबंधक छे. एम मानीने ते मटाडवानो
प्रयत्न करवानी गरज नथी. केमके, ब्रह्म
संबंध कर्यापछी देह, इंद्रिय, प्राण, अं

१ वेद छे मूल जेनुं एवा.

તઃકરણ, અને જીવ, તેમને વિષે અને તેમના
ધર્મોને વિષે ભગવદીયપણાનું અનુસંધાન
જ્યારે રહ્યું, ત્યારે એ બધી જણશોના સ્વા
મીપણાએં કરીને અને તેના પ્રેરકપણાએં
કરીને ભગવાનનું અનુસંધાન, એમાં રહે છે
તેથી એ બધા દોષોમાંથી પોતાનાપણું મ
ટે છે. તેથી દોષો સ્વરૂપથકી છે. તોએ પણ
પારકાની પેઠે પોતાને કાંઈ પણ કરનાર
નથી. તેથી તે દોષોને સેવાના પ્રતિબંધક
પણાની નિવૃત્તિ તેજ દોષોની નિવૃત્તિ કહી
છે. કાંઈ સ્વરૂપથી દોષોની નિવૃત્તિ નથી ક
હી, એવો અભિપ્રાય, આ ગ્રંથમાં છે, ત્યારે
સ્વરૂપથકી દોષો છે તેથી તેજ વાંછત સાયુ[1]
જ્ય જે મધ્યમ ફલ, તેની પ્રાપ્તિ નથી થા
તી અને પ્રત્યક્ષનો વિરોધ પણ નથી આ
વતો. વળી પ્રતિબંધનું સામર્થ્ય મટ્યું છે, તે
થી સેવાનો અંગીકાર થાય છે. તેથી કાં

૧ ભગવાનમાં મળીજવું. અથવા જેમ ગોપો સર્વદાસાથેં રહેછે તેમ રહેવું.
+ યાદ.



ઈ ન ઘટે, એવું નથી. એ અર્થ છે. અહીં શં
કા કરે છે. એવા પ્રકારની જે દોષોની નિવૃ
ત્તિ, તેનો તો પ્રાયશ્ચિત્તે કરીને પણ સંભવ છે.
ત્યારે બ્રહ્મસંબંધથી વધારે શું થયું? એવી
આશંકામાં આજ્ઞા કરેછે.

॥ મૂલશ્લોક ॥

**अन्यथासर्वदोषाणांननिवृत्तिःकथंचन॥**

અર્થ—બ્રહ્મસંબંધ છોડીને સર્વ દોષોની નિ
વૃત્તિ કોઈ પ્રકારે કરીને નથી. હવે ટીકા ક
રે છે. એ છોડીને સર્વ દોષોની નિવૃત્તિ, કો
ઈ પ્રકારે કરીને એટલે કર્મજ્ઞાનથી નથી
થાતી. આહીં એમ જાણવું જે એકાદશસ્કં
ધમાં ભગવદ્વાક્ય ॥ શ્લોક ॥ (ભા૦ એ૦ અ૦ ૨૦
શ્લો૦ ૬) योगास्त्रयो मया प्रोक्ता, नृणां
श्रेयो विधित्सया॥ ज्ञानं कर्म च भक्तिश्च,
नोपायोऽन्योस्ति कर्हिचित्॥ અર્થ—મ
નુષ્યોના કલ્યાણ કરવાસારૂ યોગત્રણ
મેં કહ્યા. એક જ્ઞાન, બીજું કર્મ, અને ત્રીજું

भक्ति. ए वाक्यमां भगवाने जीवोना क
ल्याणनां साधन त्रण कह्यां. कल्याण जे
टले दुःखनो अभाव, अने सुखनी प्राप्ति,
ए बे पुरुषार्थनुं नाम कल्याण. केम के,
॥श्लोक॥ (भा० च० अ० २५ श्लो० ४) श्रेयस्त्वं
कतमद्राजन्, कर्मणात्मन ईहसे ॥ दुःख-
हानिः सुखावाप्तिः श्रेयस्तन्नेह चेष्यते॥
अर्थ- हे राजन्! कर्म करीने कई रीतिनुं क-
ल्याण तमे पेदा करो छो? दुःखनी हानि अ
ने सुखनी प्राप्ति ते कल्याण तो आ कर्म-
थी नथी थातुं[1]? ए रीते नारदजीए प्रा
चीनबर्हि राजाने कह्युं, तेमां पहेलां दुःख
नो अभाव शोधवा लायक छे. केम के पहे
लां दुःख मटाडवामां ज प्रवृत्ति थाय छे. अ
ने दुःख छे ते तो पहेला करेला दोषोए करीने छे
केम के प्रायश्चित्त कीधा पछी पण पापमां
मननी प्रवृत्ति थती देखाय छे. तेथी दोषो

1 न होवुं.



नी निवृत्ति, प्रायश्चित्तरूपी[1] कर्मे करीने अ
त्यंत नथी थाती. तेउपर कहे छे. जेम के,
॥श्लोक॥ (भा० ष० अ० १ श्लो० ११) कर्मणा
कर्मनिर्हारो, नह्यात्यंतिक इष्यते ॥ अविद्व
दधिकारित्वात्, प्रायश्चित्तं विमर्शनम् ॥ अ
र्थ- कर्म करवानो अज्ञानी अधिकारी छे,
तेथी प्रायश्चित्त तो विचारवामात्र ज
छे. एवुं श्रीशुकदेवजीनुं वचन छे, तेथी प-
ण कर्मे करीने कर्मनो नाश, अत्यंत थाय;
एम मानवामां नथी आवतुं. त्यारे ज्ञाने
करीने दोषोनी निवृत्ति अत्यंत थाय छे. के
मके ॥श्लोक॥ (गी० अ० ४ श्लो० ३७) यथै
धांसि समिद्धोग्नि, र्भस्मसात्कुरुतेऽर्जु
न॥ ज्ञानाग्निः सर्वकर्माणि, भस्मसात्कु
रुते तथा ॥ अर्थ- जेम खूब सळगेलो
अग्नि लाकडाने भस्म करे छे, तेम ज्ञाना
ग्नि कर्मने भस्म करे छे. तेथी ज्ञानथी दो

1 दोषो मटाडवानो उपाय.

षोनी अत्यंत निवृत्ति थाय? एवी शंका न करवी. केमके, ॥श्लोक॥(भा०ष०अ०१ श्लो०१२) नात्यश्नतः पथ्यमेवान्नं, व्याधयोभिभवंति हि॥ एवं नियमकृद्राजन्, शनैः क्षेमाय कल्पयेत्॥ अर्थ- जे पथ्य एटले करी करता होय, तेने रोगो थाता नथी, तेम नियममां चालनाराओने हलवे हलवे ज्ञाननी उत्पत्ति थाय छे।॥श्लोक॥(भा० ष० अ०१ श्लो०१३) तपसा ब्रह्मचर्येण, शमेन च दमेन च॥ त्यागेन सत्य शौचाभ्यां, यमेन नियमेन च॥ अर्थ- तपश्चर्याए करीने, ब्रह्मचर्ये करीने, शमे करीने, दमे करीने, त्यागे करीने, सत्ये करीने, शौचे करीने, यमे करीने, अने नियमे करीने देह, वाणी, अने बुद्धिथकी पेदा थयेलुं जे मोटुं पाप होय, तेने जेम अग्नि, वांशनी गांठने बाले छे, तेम धर्मने जाणनारा अने श्रद्धावाला एवा धीर पुरुषो नाश करे छे. एरीतना ए त्रण



श्लोकमांथी प्रथमना श्लोकमां पथ्याशनना दृष्टांते करीने हलवे हलवे नाना प्रकारनां साधनो थकी मूलश्लोकमां "क्षेम" शब्दे करीने कहेली ज्ञाननी उत्पत्ति कहीने बीजा श्लोकमां तेनी साथेना नव साधन कहीने त्रीजा श्लोकमां पापनो नाश कह्यो छे. अने श्रीधरनी टीकामां कह्युं छे ॥श्लोक॥(भा० स्कं०६ अ०१ श्लो० १३) मनसश्चेंद्रियाणांच, ऐकाग्र्यं परमं तपः॥ अर्थ- मननुं अने इंद्रियोनुं एकाग्रपणुं ए परम तप छे. वली एज प्रमाणे स्मृतिमां कह्युं छे. तेथी मननी अने इंद्रियोनी एकाग्रता ते तप अने ते पछी वली ब्रह्मचर्य तो ॥श्लोक॥ (भा० ष० अ०१ श्लो०१३ मांनी टीकामां) स्मरणं कीर्तनं केलिः, प्रेक्षणं गुह्य भाषणं॥ संकल्पोऽध्यवसायश्च, क्रियानिवृत्तिरेव च॥ एतन्मैथुनमष्टांगं, प्रवदंति मनीषिणः॥ अर्थ- स्मरण एटले स्त्रीने पुरुषनी अने पुरुष

१ करीनी जणशनुं जमवुं

ने स्त्रीनी याद करवी, कीर्त्तन एटले तेनी चेष्टा
करवी, प्रेक्षण एटले जोवुं, गुह्य भाषण ए-
टले छानुं बोलवुं, अने मळवानो संकल्प,
एटले मनमां ठराव करवो पछी तेनी साथें
निश्चय करवो, अने ते उपाय पार पाडवो,
ए अष्टांग मैथुन ते थकी अवळुं छे. शम
ते मननो निग्रह[1], दम ते बाह्[2]रनी इंद्रिय
नो निग्रह, त्याग ते दान, सत्य ते जेवुं जो
यवुं, शौच ते देहादिकनी अशुध्धिने दूर क
रनारो आचार, यम ते अहिंसादि, ए रीतें
तप वगेरेनी टीका छे. तेथी ए रीतें घणा
काळें करीने दोषोनी निवृत्ति थाय छे. ते-
थी एनी साथेनी सरणी जे तप वगेरे ऊ
पर लखेली छे. ते आवखतमां ब्धी साथें
नथी होती माटे ज्ञानथी दोषोनी अत्यंत
निवृत्ति थाय? एवी शंका न करवी. मा-
थी आगळ भक्तिथी दोषनिवृत्ति जाणी

१ वश राखवुं २ हाथ पग वगेरे.



रहे छे ॥ श्लोक ॥ (भा० ष० अ० १ श्लो० १५)
केचित्केवलया भक्त्या, वासुदेवपराय-
णाः ॥ अघं धुन्वंति कार्त्स्न्येन, नीहारमि
व भास्करः ॥ अर्थ – जेम झाकळने सूर्य
दूर करे छे, तेम जे कोई वासुदेवपरायण हो
य, ते संपूर्ण पापने दूर करे छे. वळी ॥
श्लोक ॥ (भा० ष० अ० १ श्लो० १) न तथा
ह्यघवान् राजन्, पूयेत तप आदिभिः ॥
यथा कृष्णार्पित प्राण, स्तत्पूरुष निषेवया
॥ अर्थ – श्रीकृष्णमां जेणे प्राण अर्पण
कर्या होय ते कृष्णना पुरुषो जे भगवदी
य छे तेमनी सेवाए करीने जेम पवित्र
थाय छे. तेम हे राजा! अघवान् एटले पापी
पहेला कहेला तप वगेरे साधनोए क-
रीने पवित्र थाता नथी ॥ श्लोक ॥ (भा०
ष० अ० १ श्लो० १७) सध्रीचिनो ह्ययं लोके,
पंथाः क्षेमोऽकुतो भयः ॥ सुशीलाः सा
धवो यत्र, नारायण परायणाः ॥ अर्थ-

જેમાં ક્યાંય ભય નથી એવો લોકમાં સા
રો માર્ગ જ છે જેમાં સારા સ્વભાવવાળા
અને પરોપકાર વગેરે કરનારા સારા મા-
ણસો અને નારાયણ જે ભગવાન તેમને
વિષે જેમના મન,વચન અને કર્મ છે એ
વા મનુષ્યો છે ॥ श्लोक ॥ ( भा०ष०अ०१ श्लो०१८ )
प्रायश्चित्तानि चीर्णानि, नारायणपराङ्मु
खं ॥ न निःपुनंति राजेन्द्र ! सुराकुंभमिवाप
गाः ॥ અર્થ- હે રાજેંદ્ર! જેમ મદિરાના ઘડા
ને આખી નદી પણ પવિત્ર કરતી નથી તેમ
પ્રાયશ્ચિત્ત કર્યાં હોય પણ નારાયણથકી જે
વિમુખ હોય, તેને જે પ્રાયશ્ચિત્ત પવિત્ર કર
તાં નથી ॥ श्लोक ॥ ( भा० ष० अ०१ श्लो०१९ ) स
कृन्मनः कृष्णपदारविंदयो, र्निवेशितं तद्गुण
रागियैरिह ॥ न ते यमं पाशभृतश्च तद्भ-
टान्, स्वप्नेपि पश्यंति हि चीर्णनिष्कृताः ॥
અર્થ- શ્રીકૃષ્ણના ગુણમાં આસક્ત થયેલું
મન જેમણે શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં એ-



ક વખત પણ રાખ્યું છે. તે યમને અને જેમ
ના હાથમાં બાંધવાના પાશ છે, એવા યમ
દૂતોને સ્વપ્નમાં પણ જોતા નથી. કેમકે,
તે જાણે પ્રાયશ્ચિત્ત કરી ચૂક્યા છે. એ વા
ક્યોએં કરીને ભક્તિને પણ પાપનિવારક[1]
પણાએં કરીને કહી છે. તે ભક્તિ તો બ્ર
હ્મસંબંધ[2] કર્યાથીજ સિધ્ધ થાય છે. તે
છોડીને સિધ્ધ નથી થતી તે જતાવીએં છ
યેં. ઉપરના શ્લોકોમાંથી પ્રથમના શ્લોક
માં "કેચિત્" એટલે (કોઈક) પદ છે. તેણે
કરીને એવા અધિકારીને દુર્લભપણું જ
તાવ્યું છે. અને "કેવલયા ભક્ત્યા" એટલે
એકલી ભક્તિયેં એ પદે કરીને ભક્તિને
બીજી સહાયતા જોતી નથી, એમ જતાવ્યું
છે. તેથી ભક્તિને જ્ઞાન કરતાં બળવાન્
પણું જતાવ્યું છે અને સૂર્યના દ્રષ્ટાંતે ક
રીને સૂર્ય જ્યારે ઊગ્યો હોય છે, ત્યારે ઝા

૧ મટાડનાર. ૨ બ્રહ્મનો સંબંધ.

कसनो संपूर्ण नाश थाय छे. जाडी कांई
पण रहेतुं नथी. तेम पापनो वंश पण न
रहे एवी रीतनुं पापनुं नाशकरनारपणुं
पण जताव्युं छे. बीजा श्लोकमां "कृष्णा-
र्पितप्राण," एटले कृष्णमां जेणे प्राणादिक
नुं अर्पण कर्युं छे एवुं अधिकारीने वि
शेषण आपेलुं छे. तेणे करीने केवल भ-
क्ति करनारने ब्रह्मसंबंध करेलापणुं
जताव्युं छे. आ वात घटे पण छे. केम
के "अपहतपाप्मा" एटले हण्युं छे पाप
जेणे एवा भगवानना स्वामीपणानुं ज्या
रें अनुसंधान राख्युं, त्यारें दोषोनी निवृत्ति
ने योग्यपणुं छे पण एटलो एमां विशे
ष छे जे, एज श्लोकमां तृतीया विभक्ति
वालुं जे "तत्पूरुषनिषेवया" एटले "भगव-
दीयनी सेवाए" ए पदें करीने सर्वदा
भगवद्भक्तनो संगीपणुं पण जताव्युं, तेमां

१ साथें रहेनारो.



दांभिक एटले उपरथी धर्म जतावनारा व
गेरेना संगनो त्याग सूचव्यो छे. चोथा श्लोक
मां बहिर्मुखना करेला प्रायश्चित्तने हरिना
वाशण अने नदीना दृष्टांतें करीने निष्फल
पणुं कह्युं छे. पांचमा श्लोकमां एक वखत
भगवानना चरणमां राखेलुं मन ते चरण
मां आसक्त थयुं छे जेमनुं, तेमने यम अने
जेमना हाथमां पाश छे एवा यमना दूतोना
दर्शननो स्वप्नमां पण अभाव एटले न-
हिपणुं जताव्युं छे. तेणे करीने पापनो संपू
र्ण नाश समजाव्यो छे. ते पछी अजामिल
ना उपाख्यानमां जे वातनो विस्तार क
र्यो छे. तेथी भगवद्भक्तनो संग अने दां
भिकना संगनो त्याग अने बीजा साधनो
मां श्रद्धाराहित्य अने भगवानना गुण-
मां आसक्तचित्तपणुं ज्यारें थाय छे, त्यारें
अजामिलनी पेठें थाय छे जेथी करीने जे

१ तेविनापणुं.

નો પણ નિર્ણય શ્રી આચાર્યજીએ એ પ્રકર-
ણના નિબંધમાં કર્યો છે ॥ શ્લોક ॥ भगवत्से
वकायेतु, कथंचिद्भिन्नतां गताः॥ सर्वा-
त्मना पापनाश स्तेषामेव भवेत् ध्रुवम् ॥
અર્થ- જે ભગવત્સેવક છે તે કોઈ કારણ
થી ભગવાનથી જૂદા પડ્યા હોય, તેમનાજ
પાપનો સર્વ પ્રકારથી નક્કી નાશ થાય છે. એ
કારિકાએ કરીને નિર્ણય કર્યો છે. એમ છે ત્યા
રે પહેલાં ભગવત્સેવક હોય, તે કોઈ કારણથી
આહીં આવ્યો હોય તેમનાજ સારૂ આ માર્ગ
છે. તેથી તેજ લોકો બ્રહ્મસંબંધ કરવાથી
(નસ્યા છે સર્વ દોષ જેમના) એવા થાય છે તે
જ એતન્માર્ગમાં અધિકારી થાય છે. તેથીજ
નિબંધમાં છે ॥ શ્લોક ॥ सात्विका भगवद्भ
क्ता, ये मुक्तावधिकारिणः॥ भवांत संभवा
देवा, स्तेषामर्थे निरूप्यते ॥ અર્થ - સાત્વિક
એટલે પોતાના સ્વભાવ અને પ્રકૃતિથી ન
થાય, એવું અલૌકિક કાર્ય કરે, એવા હોય,



અને ભગવદ્ભક્ત હોય. અને જે મુક્તિલાયક
હોય અને છેલ્લા જન્મમાં આવેલા હોય અને
દૈવી જીવ હોય, તેમના સારૂ આ એમ વર્ણન
કરીયેં છેંએ. એમ શ્રી આચાર્યજીએ આ-
જ્ઞા કરી છે ॥ શ્લોક ॥ सर्वेऽधिकारिणो-
ऽत्र, विष्णुभक्तो यथा नृप ॥ અર્થ- હે રા-
જા! વિષ્ણુભક્તિને વિષે જેમ સર્વ અધિકારી
છે, તેમ આમાં પણ બધાય અધિકારી છે. એ
રીતે માઘસ્નાન આખતના દૃષ્ટાંતથી જાણવું.
॥ શ્લોક ॥ (ભા૦ સ૦ અ૦ ૮ શ્લો૦ ૫૦) देवोऽसुरो
मनुष्योवा, यक्षो गंधर्व एवच ॥ भजन्मुकुंद
चरणं, स्वस्तिमान्स्याद्यथा वयम् ॥ અર્થ-
દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, ગંધર્વ, જે કોઈ હો-
ય તે મુક્તિ આપનારા ભગવાનને ભજે, તો
જેમ અમે સુખી થયા છેયેં, તેમ સુખી થાય.
એમ સસમ સ્કંધમાં પ્રહ્લાદજીનું વાક્ય છે. તે
થી પણ ભક્તિમાર્ગ લાયક પણું રૂપ હાથ,
પગ વગેરે જ્ઞાનેંદ્રિય[1], અને કર્મેંદ્રિયો[2] જેમ

૧ કાન, આંખ, નાક, ત્વચા, જીભ. ૨ વાણી, હાથ, પગ, ગુદા, ઉપસ્થ.

ને છે. જે જઘાઓનો અધિકાર છે તો એ
પણ જેમાં તરત ફલ થવાનું માંડે એવો તો
"સાત્વિક" એ નિબંધના ઉપર કહેલા શ્લો
કમાં કહેલાઓને જ થાય તેથી બ્રહ્મસંબં
ધ તેઓને જ કરાવવો. અને એવા પણ તો
ઉત્કટ[1] ભગવત્સેવામાં આદરને પેદા કરનારી
જે ગુરુસેવા તે સહિત ગુરુને અનુકૂલ એ
વા પ્રશ્ન કરે, અને પ્રાપ્ત થઈ હોય, જેને મા
ર્ગની રુચિ, વેષ, ભાષા અને આચાર, તેણે કરી
ને જાણવું. અને જે પોતે પાપાચારી હોય,
તે પછી ભગવન્માર્ગની ઉત્કંઠા[2] રાખે, તે પણ
ઉપદેશ કરવાલાયક છે ॥શ્લોક॥ (ગી૰અ૰
૯ શ્લો૰૩૦) अपि चेत्सुदुराचारो, भजते मा
मनन्य भाक् ॥ साधुरेव स मंतव्यः सम्यक्
व्यवसितो हि सः॥ અર્થ- દુરાચારી હોય તો
પણ મને અનન્યતાથી ભજે, તો એનો સા[3]
રો નિશ્ચય છે તેથી એને સાધુજ માનવો.

૧ ઘણોજ. ૨ જેનાસારુ ગળગળા કંઠ થઈ જવું આવે એવી ઈચ્છા.
૩ સારો માણસ.



જાણેએ. શ્રી ગીતાજીનાં વાક્યમાં એવાને
પણ સાધુ માનવો, એમ કહ્યું છે. તેથી એ
ઉપદેશ કરવાલાયક છે॥ શ્લોક॥ (ગી૰અ૰૯
શ્લો૰૩૧) क्षिप्रं भवति धर्मात्मा, शश्वच्छां
तिं निगच्छति ॥ कौंतेय प्रतिजानीहि, न
मे भक्तः प्रणश्यति ॥ અર્થ- તે તરતજ ધ
ર્માત્મા થાય છે અને સદા શાંતિને પામે છે.
હે કુંતિના પુત્ર! મહારો ભક્ત છે તેનો નાશ
થાતો નથી. એવી પ્રતિજ્ઞા કર. એ વાક્યે
કરીને એ સારા માનવા તેનું અભિજ્ઞાપક[1]
પણ કહ્યું છે. અને જેને પોતાને ભક્તિમાર્ગ
ની ઉત્કંઠા ન હોય પણ સત્સંગથી અથવા
કુલ પરંપરાથી જે શરણ આવે, તે પણ ઉ
પદેશ કરવાલાયક છે. પણ ત્યાં ભગવત્કૃપા
માં સંદેહ છે. તેથી તેને તરત ફલ થશે, એ
વો નિશ્ચય થઈ શકતો નથી તો પણ એ,
ઉપદેશ કરનારામાં દોષ પેદા નથી કરતો

૧ જણાવનાર પણું.

केम के जेने सत्संग वगेरे कारणोथी शरण
नी रीतें उपदेश करेलो छे. पण जेनी प
रीक्षा करवी जोइजें. जे ब्रह्मसंबंध थया
पछी जे भगवद्धर्ममां श्रध्धा करे ॥ श्लोक
॥ यथा यथा हरिः कृष्णो, मनस्याविशते
निजे ॥ तथा तथा साधनेषु, परिनिष्ठा विव
र्द्धते ॥ अर्थ- हरिजे दुःखहर्ता अने कृष्ण जे
सदानंद ते जेम जेम पोताना मनमां प्रवेश
करे, तेम तेम साधनो एटले भक्तिमार्गना
धर्मोने विषे परिनिष्ठा एटले त्यारे तरफथी
मन जेंच्याईने एमनामांज स्थिर थाय. ए
वी स्थितिनो वधारो थाय. तेम श्री आचा-
र्यजीनुं कहेलुं जे भगवत्कृपानुं ज्ञापक एटले
जणावनारुं लक्षण ते होय, तो मार्गनी
रीतथी एने बोध करवो. पण जो मार्गमां
चाहना एने न होय, तो एने बोध न कर
वो. एजे पोतानी बहिर्मुखता देखाडे तो
एनाथी काम न पाडवुं. केम के ॥ श्लोक ॥



(भा० ए० अ० २ श्लो० ४६) ईश्वरे तदधीनेच,
बालिशेषु द्विषत्सुच ॥ प्रेम मैत्रीकृपोपेक्षां,
यः करोति स मध्यमः ॥ अर्थ- ईश्वरमां अने
एना आधीनमां अने बालक बुध्धि होय, ते
मनामां अने जे द्वेष करता होय तेमने विषे
पण उपेक्षा करता होय, ते मध्यम भक्त
कहेवाय. ए रीतें एकादश स्कंधमां योगेश्व
रना वचनमां भगवद्भक्तनां लक्षण कह्यां
छे अने ॥ श्लोक ॥ निवेदितात्मा भिन्नेषु,
सदौदासीन्य माचरेत् ॥ प्रावाहिकास्तेपि
चेत्स्युरुपेक्षैवोचिता सदा ॥ अर्थ- निवे-
दित आत्मा एटले जेणे निवेदन कर्युं हो
य, तेथी जूदा जनोने विषे उदासीनता रा
खवी. एटले प्रीति जोडवी नहीं. अने निवे
दन जेमणे कर्युं छे, ते पण जो प्रावाहिक हो
य, तो सदा एनाथी काम न पाडवुं. एवी
तें विज्ञप्तिमां श्री गुसांईजीए पण आज्ञा

[1] शत्रुता अने मित्रता विना वर्त्तवुं. [2] आसुरी, तेनां लक्षण गीताजीमां कहेलां छे ते.

करी छे तेथी अने ॥श्लोक॥ विजातीयजनाक्रां
ते, निजधर्मस्य गोपनं ॥ देशे विधाय सततं,
स्थेयमित्येव भासते ॥ अर्थ- आपणा मार्ग
थी बीजा तरेना माणसोना कबजामां जे दे
श होय ते देशमां पोताना धर्मने छुपाडीने स
दा रहेवुं अेवुं ज जणाय छे ॥श्लोक॥ हरेरेव
तथेच्छास्ति, सर्वोद्धृतिविरोधिनी ॥ अन्य
थाऽऽचार्यविमुखाः कथमेतत्पथिस्थि
ताः ॥ अर्थ- हरि जे दुःख हरनार भगवा
न तेनी सर्वना उध्धारथी विरुध्ध इच्छा छे,
नहीं तो श्रीआचार्यजीथी विमुख, आ मार्गमां
आवेला केम थाय? अे रीतें पत्रमां पण श्री
गुसांईजीअें लख्युं छे. तेथी उपर लख्या प्रमा
णे परीक्षा करीने बोध करवो. आ उपर कहे
ली वात उच्छृंखलपणुं अेटले मार्गनी रीत
मां बेदरकारीपणुं मटाडवासारु, अने वली मा
र्गनी रीत जताववासारु अने बीजी रीतनी स
मजण मटाडवासारु प्रसंगथी कही छे. प्राचीन



टीका करोअें तो पोतपोतानी टीकामां पांचप्र
करना दोषोनुं स्वरूपज मात्र पोताना विचा
र्या प्रमाणे कह्युं छे. कांई प्रसंगनी वात विचा
री नथी, तेम प्रत्यक्ष विरोध पण दूर कर्यो न
थी अेम थयाथी तेमना मतें करीने हमणांना
हलका अधिकारीओने ते रीतें दोषोनी नि-
वृत्ति वगेरे मोटी मेहनतें करीने करावयासाय
क थई पडे छे. तेथी अेमनुं मत छोडीने श्रीरघु
नाथजीनी टीकाने अनुसरीने में टीका करी छे
अने श्री गोकुलनाथजीअें तो आंहीं पूजनमार्ग
ना कहेला दोषोनी ज निवृत्ति ब्रह्मसंबंध करीने
थाय छे. अेवो अभिप्राय लीधेलो छे. अे टी-
कामां देह छे ते पंचमहाभूतनो छे तेथी भूतशु
द्धिथी मटे, अेवा जे दोषो ते सहज दोष ॥श्लो
क॥ ॥ ॥ अपसर्पंतु भूतानि, पवित्रं
कुरु चासनम् ॥ अर्थ- पंचमहाभूतो दूर थाओ
अने आसनने पवित्र करो. अे वगेरे वच-

१ तेप्रमाणे २ पुरुषोत्तमजीअें.

નોએં કરીને શુધ્ધિનું વિધાન કર્યું છે તેથી પૂ
જાના સ્થાનમાં પણ દોષો છે તેથી તે દેશોત્થ
દોષ કહેવાય ॥શ્લોક॥ प्रातर्होमं
च कृत्वैव, कृत्वा वा ब्रह्मयज्ञकं ॥ यद्वा मा
ध्याह्निकं कृत्वा, पूजयेत्पुरुषोत्तमं ॥ અર્થ-
સવારનો હોમ કરીનેજ અથવા બ્રહ્મયજ્ઞ[1]
કરીને અથવા મધ્યાન્હનું કર્મ કરીને પુરૂષો
ત્તમને પૂજવા. એ રીતેં વખત કહ્યો છે. તેથી
તેવિના બીજીવખતમાં પૂજા કરે તો કાલોત્થ
દોષ કહેવાય. એ જે દેશ કાલોત્થ દોષો,
જે રીતેં એક પદમાં કહ્યા છે. તે એક દોષ
કહેવાય. અને લોકનિરૂપિત દોષો તો ॥શ્લો
ક॥ (गी०अ०८ श्लो०१६) आब्रह्मभुवनाल्लो
काः, पुनरावर्त्तिनोऽर्जुन ॥ मामुपेत्य तु
कौंतेय, पुनर्जन्म न विद्यते ॥ અર્થ- બ્રહ્મ
લોક પર્યંતથી લોકો ફરીને આંહીં આવીને
જન્મ લે છે. પણ હે કુંતિના પુત્ર! મને પા-

૧ બ્રાહ્મણને કરવાનું કર્મ.



મીને તો ફરી જન્મતા નથી. એમ અર્જુનપ્ર-
ત્યેં ભગવાનનું વચન છે. તેથી ફરી જન્મવારૂ
પી લોકનિરૂપિત દોષ અને વેદનિરૂપિત તો
॥શ્લોક॥ ॥ ॥ यस्यस्मृत्या च ना
मोक्त्या, तपोयज्ञक्रियादिषु ॥ न्यूनं संपू
र्णतां याति, सद्यो वंदे तमच्युतम् ॥ અર્થ-
જેના સ્મરણથકી અને નામ લીધાથકી તપ,
યજ્ઞ, ક્રિયા, વગેરેને વિષે ન્યૂન એટલે જે
ઓછું હોય, તે સંપૂર્ણપણાને પામે છે. એ
વાક્યમાં ન્યૂનપણા વગેરે દોષો છે. એ રીતેં
લોક, વેદનિરૂપિત દોષ પણ જે, એક પદમાં
કહ્યા છે. તેથી પાંચની ગણત્રીમાં એ જે એ
ક ગણાજે છે. અને સંયોગજ તો, મંત્રેલા
જલ વગેરેમાં વગર મંત્રેલા જલનો જે સંયો[2]
ગ, તેથી પેદા થયેલો દોષ, અને લાવેલા જે
અરગજા, ફૂલ વગેરે પદાર્થોને શૂદ્રનો સ્પર્શ
થાય, તે સ્પર્શજ દોષ કહેવાય અને "સ્પ-

૧ લાવેલા. ૨ મસળું.

शंजाश्च" એમાં "च" કહ્યો છે. તેથી બીજા દોષો વગેરે એટલે લોગવગેરેની જાણશો માં દૃષ્ટિદોષ વગેરે દોષો તે ભક્તિમાર્ગમાં માનવા નહીં. એટલે ગણવા નહીં. એ રીતે વ્યાખ્યાન શ્રી ગોકુલનાથજીએ કર્યું છે. તેનું કારણ તો બ્રહ્મસંબંધનું કરવું, એજ છે. ત્યારે એના અપરાધોનું ભગવાનથીજ નિવારણ થાય છે, તેથી માનવા નહીં. એ શ્રી ગોકુલનાથજીનો આશય[2] છે.

હવે શ્રી પુરૂષોત્તમજી આજ્ઞા કરે છે. આ ઊપર લખેલી પ્રસંગની વાત, પૂરી કરીને ટીકા કરવાની રીતિપ્રમાણે ટીકા[1] કરીએ છીએ. ત્યાં શંકા કરે છે. એ રીતે પહેલાના દોષોની નિવૃત્તિ થાઓ, તોય પણ દોષોને પેદા કરનારાં જે કર્મ, દેશ, અને કાલ, એ જયાં વિદ્યમાન છે તેમનો જે સંયોગાદિક થાય, ત્યારે સંયોગજ સ્પર્શે કરીને પેદા થતા

1 ટીકા. 2 મતલબ.



જે દોષો, તે કેમ મટાડી શકાય? એવી શંકા ઊપર આજ્ઞા કરે છે.

॥ મૂલશ્લોક ॥

**असमर्पितवस्तूनां, तस्माद्वर्जनमाचरेत ॥४॥**

અર્થ– અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો, લેવી નહીં. હવે ભાવાર્થ કહે છે. "વર્જન" એ "વૃજ" ધાતુનું રૂપ છે. વર્જન એટલે સંસર્ગ રહિતપણું[1] કરવું એટલે સમર્પ્યા વિના પોતાના કામમાં ન લેવી. અને પ્રારબ્ધાદિક છે, તે દેખાતી જાણશના લેવા દેવા વિના સંયોગ અને સ્પર્શ દોષોને પેદા કરતા નથી; સમર્પેલી વસ્તુને ભગવદીયપણું થાય છે. તેથી દોષોને પેદા નથી કરતી. તેથી અસમર્પિત છે તે જાણીઓનો સંસર્ગ ન કરે તો સંયોગ અને સ્પર્શ થયા પછી થનારા દોષોનો સંયોગજ થાતો નથી. તેથીજ તે દોષોનું નિવારણ થાય છે. એ અર્થ છે. અહીં શંકા કરે છે જે કાલાદિકના કરેલા દોષોનું એ

1 વગરમેલાપણું.

रीतें निवारण थाजो, तो ए पण आर
अथकी आ, विद्यमान एवुं जे सर्व देह
वगेरे, तेनो निर्वाह तो भगवानना अन्ना
दिकथकी करवो. जेम ज्यारें थाय, त्यारें
पोताने स्वामीनी वस्तुना भोगथकी पेदा
थयेलो दोष, जे सेवानो प्रतिबंध करे,
तो तेनी केम निवृत्ति थाय? ए शंका म
टाडवा सारु आप श्री आचार्यजी आज्ञा
करे छे.

॥ मूलश्लोक॥

निवेदिभिःसमर्प्यैव,सर्वंकुर्यादितिस्थितिः॥

अर्थ- निवेदन करेला जे पदार्थो छे, ते मने
समर्पिने, एटले अंगीकार करावीने प्रसा
दीथी बधुं करवुं. एवी भक्तिमार्गनी निर्दो-
ष मर्यादा छे. हवे टीकार्थ कहे छे. निवेदन
जेमनुं थयुं छे, एवा निवेदी पदार्थो तेमने
अंगीकार करावीनेज सर्व करवुं. आनो इ

१ आडे पडे.



लितार्थ ए छे जे, पोताना आत्माना समर्प
णनी वखतमां भगवानना सारु निवेदन करे
ला जे स्त्री वगेरे चेतन, अने घर, पईसा व
गेरे जे अचेतन, तेमनाथी— जे कंई करवुं
होय, ते भगवान सारु ते वस्तुओना योग्य
उपयोगरूपी समर्पण करीनेज करवुं ॥श्लो
क॥ ॥ ॥ शास्त्रे निवेदनं दानं, ह्यर्पणं
त्रिविधं मतं॥ निवेदनं समुद्दिश्य, द्रव्यस्य ज्ञा
पनं मतं॥ दानं स्वकीयतात्यागः, परस्वोत्पा
दनं विधेः॥ अर्पणं स्वामिभोग्यस्य, स्वामि
ने ज्ञापनं मतं॥ सूददृष्टांत दृष्टेन तदेवं त्रिवि
धं प्रमा॥ अर्थ- शास्त्रमां निवेदन, दान अ
ने अर्पण, ए त्रण तरेह मानेली छे. तेमां
थी निवेदन एटले जे होय ते स्वामीने ज
णावी देवुं. अने दान एटले शास्त्रना वि-
धिथी पोतानी सत्तानो ते वस्तुमांथी त्याग
करवो. अने जेने दान आपवुं तेनी सत्ता

१ जुववाला.

"तुभ्यमहं संप्रददे नमम" ए वगेरे वचनोएं
करीने पेदा करवी. अर्पण ते स्वामीने लो-
गववा लायक वस्तु तेनी स्वामीने विज्ञा-
पना करवी. ए प्रकार, रसोईआना दृष्टांत
थी समजवो. ए रीतें कोईक वैष्णव निबंध[1]
मां देखाय छे. तेथी मूलमां "निवेदिभिर्निवे-
द्यैव" एम न कहीने "निवेदिभिःसमर्प्यैव"
एम कह्युं छे. "समर्प्य" एमां "सं" एवो
उपसर्ग कह्यो छे. ते भावपूर्वक अंगीकार
कराववुं ते जताववासारु कह्यो छे. एटले
चेतन जे स्त्रीपुत्रादिक तेने भगवत्सेवा
मां जोडीने पछी अचेतन जे घर, पैसा
वगेरे ते पण जोडीने अने अन्नादिक ते
नैवेद्यरूपें जोडीने ॥ श्लोक ॥

उच्छिष्टभोजिनो दासा, स्तव मायां जये
महि ॥ अर्थ- तमारां भोगवेलां माला,
अरगजा, वस्त्र, घरेणां तेणें करीने शो-

१ शास्त्रनां वचनो भेगां करीने बांधेलो ग्रंथ.



भायमान अने जूठण खानारा दास छइ-
एं, तेथी तमारी मायाने जीतीएं छैयें.
कहेली रीतें भगवानना आपेला प्रसादरू-
पणाएं करीने पोतें उपयोग करवो. ए भ-
क्तिमार्गनी निर्दोष मर्यादा छे. मूलमां "स-
र्वं कुर्यात्" ए वचनमां सर्व पदें करीने लौ-
किक[1] अने वैदिक[2] जे कार्य करवुं होय, ते
कहेवाय छे. अने "निवेदिभिः" एटले नि-
वेदन करेलीओ ए रीतें वस्तुओने विशे-
षण आप्युं छे. तेणें करीने तथा तेनां स-
मर्पणरूपी क्रिया जतावी छे, तेणें करीने
पण ए बधुं भगवानना सारु छे. ए
रीतनुं भगवाननुं स्मरण कराय छे. त्यारें
ए भगवानना प्रसादें करीने पोतानो अ-
ने पोताना जणाओनो निर्वाह ज्यारें करे,
त्यारें पोताना स्वामी जे जे तेना निर्वाहसा-
रु पोतानी वस्तुओने कृपाएं करीने आ-

१ लोकसंबंधी २ वेदसंबंधी.

ધ્યાપણાની યાદ થાય છે. તેથી તેનો લો
ગ કરવામાં દોષ નથી, એ અર્થ છે. ઊપ
ર લખેલું ઊધ્ધવવાક્ય, અવતારની વ-
ચનતનું છે. તેથી હમણાં પ્રસાદ, ભગવાનેં
આપ્યો, એવું જ્ઞાન છે. તે આરોપ્ય છે.
તેથી એવા જ્ઞાનથી કેમ દોષ નિવૃત્તિ થા
ય? એવી શંકા ન કરવી. કારણકે એવા
જ્ઞાનને પણ ફલસાધકપણું છે. તે નીચેં
લખેલા ભગવદ્વાક્યમાં જતાવ્યું છે. ॥ શ્લો
ક॥ (भा०ए० अ०२७ श्लो०४७) इति शेषां म
यादत्तां, शिरस्याधायसादरं। उद्वासयेच्च
दुद्वास्यं, ज्योतिर्ज्योतिषि तत्पुनः॥ અર્થ-પૂ
જાના પ્રકારમાં ભગવાનેં આજ્ઞા કરી છે
જે એ રીતેં મેં જે પ્રસાદ આપ્યો, તેને
આદર પૂર્વક માથે ચડાવીને જે મૂર્ત્તિનું
વિસર્જન કરવું હોય, તો કરે એ વાક્યથી
એવો નિશ્ચય થાયછે જે એજ વાત પૂજા
ના પ્રકારમાં ભગવાનેં આજ્ઞા કરી છે.

૧ જેસાવરીએં ઠેરાવેલું



જે, મૂર્ત્તિ પાસેંથી જે પ્રસાદી ઊપાડી લે,
તે મેં આપ્યું એમ માનવું. વળી બીજા
પુરાણમાં કહ્યું છે ॥ શ્લોક ॥
अंबरीष नवं वस्त्रं, फलमन्नं रसादिकं॥
कृत्वा विष्णूपभोग्यं तु, सदा सेव्यं हि
वैष्णवैः॥ અર્થ- હે અંબરીષ! નવું વસ્ત્ર,
અને ફલ, અન્ન, ઘૃત, તેલ, વગેરે સાહિત્ય
વિષ્ણુને ઊપભોગ એટલે ભોગવવાલાયક
કરાવીને વૈષ્ણવોએં સદા લેવું ॥ શ્લોક॥
विष्णोर्निवेदितान्नेन, यष्ट
व्यं देवतांतरं॥ पितृभ्यश्चापि तद्देयं, त
दानंत्याय कल्पते॥ અર્થ- વિષ્ણુને નિ-
વેદન કરેલું જે અન્ન, તેણે કરીને બી-
જા દેવતાની પૂજા કરવી અને પિતૃને પ
ણ તેજ અન્ન આપવું. તે અનંત ફલને
આપેછે. તિહાં એવી શંકા કરે છે જે
આ રીતેં તો પ્રક્ષાલનપંક[1] ન્યાયેં કરી

૧ ગારાને અડીને ધોઈ નાખવો, તેથી તે કરતાં અડવુંજ નહીં એવો ન્યાય.

जे जे पांच दोषोवाळी वस्तु छे तेने समर्पणथकी पहेलुं भगवदीयपणुंज मानवुं नहीं, केमके, आत्मसमर्पणनी वखते वित्त एटले पैसो, तेना समर्पण जाणत उच्चार करेलो छे. ते उच्चारने जेम थनार जे परलोक तेना पण अभिमान मात्रनी निवृत्तिसारु उच्चार कीधो छे. ते अभिमानमात्रनी निवृत्तिसारुपणाए करीने ते वखतें तेने भगवदीयपणुं पेदा करनार नथी. तेमज पछवाडो, अभिमाननिवृत्तिमात्रसारुज उच्चार कीधो छे. ए भान्याथी परलोकनी पेठें एने भगवदीयपणुं आवतुं नथी? एवी शंका न करवी. केमके समर्पणथकी पहेलां पण वस्तुतः[1] बधाओने भगवदीयपणुं छे, तेणे करीने महारुं छे एवुं अभिमान

१ खरेखर.



ज्यारें छोड्युं, त्यारें अत्यंत भगवदीयपणुं छे. तेथी पहेली कहेली रीत विना एटले अंगीकार कराव्या विना पहेला कहेला दोषो दूर थाता नथी ॥ श्लोक ॥ (भा० स० अ० १४ श्लो० ८) यावद्भ्रियेत जठरं, तावत्स्वत्वं हि देहिनां ॥ अधिकं योऽभिमन्येत, सस्तेनो दंडमर्हति ॥ अर्थ- जेटलाथी पेट भराय, तेटलामां देह[1]वाळानी सत्ता छे. अधिकमां जे अभिमान करे, ते चोर अने दंड लायक छे. ए सप्तमस्कंधमां प्रल्हादजीनुं वाक्य छे. तेथी निर्वाह जेटलुंज ग्रहण करवामां दोषनो संभव नथी? एवी शंका न करवी. कारण के ते वचन जथां साधारण मनुष्यो जाणतनां छे. अने आत्मनिवेदननी वातनो आरंभ करीने ताईहां आ वचन कह्युं नथी. तेथी एटला

१ मारुं छे एम मानवुं तथा पेटभराय एटलामां पोतानापणुं मान्युं छे.

जें करीने अभिमानथकी पेदा थयेला
दोषो न थाय तोय पण अभिमान तो
छेज. तेथी ते करतां पहेलां[1] कहेलुं स
मर्पण, तेनेज उत्कृष्टपणुं छे. ए रीतें
आ ग्रंथमां सर्व वस्तुना समर्पणना उ
पदेशें करीने स्वामीनी वस्तु लेवानो जे
दोष, ते निवारण कर्यो. आथी आग
ल जेम समर्पणमां दोष पेदा न थाय,
ते प्रकार कहेवासारु दोषवाली जणशो
ना संसर्गनिषेध[2]नी आज्ञा करे छे.

॥ मूलश्लोक ॥

**नमतं देवदेवस्य, सामिभुक्तसमर्पणं ॥**

अर्थ- देवना देव एटले पूजवालायकने
पूजवालायक एवा भगवान् तेमने अ-
र्धा भोगवेलानुं समर्पण मानवुं नथी.
हवे भावार्थ कहे छे जे, सुख अने दुःख
एटलामांथी कोईनो पण साक्षात्कार[3]

१ उत्तमपणुं. २ ना. ३ अनुभव.



थवो तेनुं नाम भोग तेने वस्तुनो उ
ग्यो तेनुं नाम भुक्त कहेवाय. त्यारें शुं क-
ह्युं? के हरेक वस्तुमांथी लीधा पछी जा
की रह्युं ते भुक्तशेष कहेवाय पण वस्तु
ना जरा जोया पणानी परीक्षा करवा
सारु तेमांथी लईने मुखमां नाखे, सुं
घे, हाथ नाखे तो बाकी रह्युं ते सामी
भुक्त न कहेवाय केम के ते रहेलामां भु
क्तशेषपणानो व्यवहार नथी त्यारें ए
मां दोष नथी ते मध्यें कारणतो जेया
पछी भोगववानी ईच्छानो अभाव अ
थवा भोगववानुं मन थया पछी ते ले
वासारु यत्ननो अभाव[2] एज छे जे
कोई वस्तुनुं वली जोवा वगेरेनुं मन
थई जाय तो अचेतन जे जीव, तेने
अपराधीपणुं छे. मानसिक[3] व्यभिचा
रनी पेठे अचेतन वस्तुने सामिभुक्त

१ अर्धुं भोगवेलुं. २ नहोवापणुं. ३ मनथी करेला.

પણું નથી. ને જાવાની ઈચ્છાથી હાથ
થી લે, તો તે વસ્તુમાં પણ દોષ થાય. તે
થી એવી વસ્તુ, સમર્પણ ક્રિયામાં દોષ[1]
કરે છે. તેથી એનું સમર્પણ સમ્મત નથી
એ અર્થ છે. એ રીતે ફરી શ્રી ગોકુલના
થજીએં ભગવાન સારૂ લેલા કરેલા પ-
દાર્થોમાંથી કોઈ વખત કોઈએં કાંઈ
એક પોતા સારૂ લઈને કામમાં લગાડ્યું
તો તે વસ્તુને અર્ધ ભુક્તપણું[2] છે, એમ
આજ્ઞા કરી છે, તે આહીં કૈમુતિક ન્યાયેં
કરીને જ સિધ્ધ થયું છે. તે એમ જે
ઊપર કહ્યું જે પોતાને લેવાસારૂ ઊંત[3]
વગેરે ઊપાડે તો એ સામિભુક્ત થાય.
ત્યારેં શ્રીગોકુલનાથજીએં કહ્યું જે, એ-
માંથી જાયતો સામિભુક્ત થાય. એ
માં નવાઈ શું? એને ફરી શ્રી ગોકુલ
નાથજી આજ્ઞા કરે છે. જે પોતાના ઊ

૧ માનેલું નથી. ૨ હાથીપણ કુનીભય ત્યાં મનુષ્યની શી ગ
ણતી એવો ન્યાય તે કૈમુતિક ન્યાય. ૩ ઝોલીઓ.



પલોગ અથવા કામસારૂ લુગડાં વગેરે
ને કોઈ પોતાને લઈએં તેટલુંજ ભગ
વાનને સમર્પીને તેને પોતાના કામમાં
લઈને જાકી રહ્યું તે ભગવાનને સમર્પ
વાની ઈચ્છા કરે તો તે પણ સામિભુ
ક્ત થયું. તેથી જ સમર્પવું એમ ક-
હ્યું છે. તે ઊપર લખેલા વચનથી
આજ્ઞા કરે છે. કેમ કે, ત્યાં પોતાના
ભોગવવાપણાનું[1] અનુસંધાન છે. એજ એ
માં દોષ ઊત્પન્ન કરવાનું બીજ, એટલે
કારણ છે. કેમ કે પોતા સારૂ લાવ્યા હોઈ
એં એને તે સમર્પ્યું હોય, તેના ગ્રહણ કર
વામાં ભગવાનનો આપેલો પ્રસાદ છે એ
વી બુધ્ધિ કરી શકાતી નથી. તેથી અ-
થવા ગૌણપણાથી શ્રી ગોકુલનાથજી
એં એને સામિભુક્ત માન્યું છે. એમ
શ્રી પુરૂષોત્તમજી આજ્ઞા કરે છે. જે મને

૧ યાદ.

जणाय छे तेम भगवाननी वस्तु खावा
नुं मन थया रूपी अपराध थाय, तो म
हारो अपराध निवृत्त थाओ, फरी मने
एवुं न थाओ. ए रीते दैन्यभावपूर्वक भ
गवान् जे छे, तेज प्रार्थना करवा योग्य
छे. तेमां वज्र चिन्ह सहित भगवच्चर
णारविंदनुं ध्यान करवुं. केम के दीनता छे
ते भगवानने प्रसन्न थवानुं कारण छे
॥श्लोक॥ (भा० तृ० अ० २८ श्लो० २२) य
च्छौचनिःसृतसरित्प्रवरोदकेन, तीर्थेन
मूर्ध्न्यधिकृतेन शिवः शिवोऽभूत् ॥ ध्या
तुर्मनःशमलशैलनिसृष्टवज्रं, ध्यायेत्
चिरं भगवतश्चरणारविंदम् ॥ अर्थ- जे
ना चरण धोयाथी निकलेलुं जे नदीमां
श्रेष्ठ जे गंगाजी ते रूप, जे चरणोदक जे
तीर्थ ते माथे चडाव्याथी शिव छे ते शि
व[1]रूप थया छे. अने ध्यान करनार जे

१ कल्याणरूप.



छे तेमना मनना जे दोषो, ते रूपी पर्वत
उपर मूक्युं छे, वज्र ते जेमां छे एवा
भगवच्चरणारविंदनुं ध्यान करवुं. ए तृ
तीय स्कंधमां श्रीकपिलदेवजीनुं वाक्य
छे. अने भक्तिनुं पापनाशकपणुं पहेलां
करावेलुं छे. तेथी भगवच्चरणना ध्यान
रूपी स्मरणमां पण पापनाशकपणाने
उचितपणुं[1] छे. तेथी वली भगवानना चर
णचिन्हरूप अंकुशनुं ध्यान करवुं ॥श्लोक॥
॥ ॥ अंकुशो नागशिक्षायै, याव
द्भवति पुत्रक ॥ तादृशं तद्भवेच्चिन्हं ॥ अ
र्थ- अंकुश जे छे ते हे पुत्र! हाथीनी शि
क्षा सारु छे एवुं ए चिन्ह छे. ए रीते
पद्मपुराणमां चरणचिन्हाध्यायमां अं
कुशाकारने शिक्षाने अर्थे कह्यो छे॥
श्लोक॥ लक्ष्यंते हि ध्वजांभोज, चक्रां-
कुशयवादिभिः॥ अर्थ- ध्वज, कमल,

१ योग्यपणुं.

चक्र, वज्र, अंकुश, यव वगेरे चिन्होयें क
रीने चरणारविंदो ओळखाय छे. अे क-
रणेना श्रीसुबोधिनीजीमां मननो निग्र
ह करवा सारु अंकुशनुं स्थापन कर्युं छे.
अे रीतें तात्पर्य कह्युं छे. तेथी अंकुशनुं
ध्यान करवुं. श्री पुरुषोत्तमजी आज्ञा करे
छे जे, अे रीतें मने जे जणायुं ते प्रसं
गे करीने मे कह्युं. अेम दोषवाली जण
शना संसर्गनो निषेध करीने समर्पण अे
टले अंगीकार करावववामां दोष न थाय.
अेवा प्रकारनी आज्ञा करे छे.

॥ मूलश्लोक॥

**तस्मादादौ सर्वकार्ये, सर्ववस्तुसमर्पणं॥**

अर्थ- ते माटे पहेलांथी बधा कामनां
बधी वस्तुनुं समर्पण मान्युं छे. हवे टी
का करे छे. जे कारणथी असमर्पितनो-

१ पोताना कुटुंबमां राजवा सारु



संसर्ग अने सामिलुअतनुं समर्पण अयो
ग्य छे. ते कारणथी बधां जे वेदनां अने
स्मृतिनां अने लौकिक कार्यो तेमने विषे प
हेलांथीज बधी वस्तुओ जहां जहां जेती
होय, तेमनुं समर्पण सम्मत छे. अे अर्थ छे
अेम जणाय छे. केम के त्यां गरुडपुराणमां
कहे छे जे॥ ॥श्लोक॥ ॥जगद्धातुर्महे
शस्य, दिव्याज्ञाचरणावयं॥इह नित्य क्रि
याः कुर्मः, स्निग्धा ये वैष्णवाश्च ते॥ अर्थ
जगतने धारण करनारा जे महेश अेटले
महोटा ईश तेमनी दिव्ये आज्ञाप्रमाणे चा
लनारा अमे छैयें, तेथी संध्या वगेरे नित्य
कर्म अमे करीअे छैयें. अेवुं जणता होय
ते वैष्णव कहेवाय. अे रीतें वैष्णवनां ल
क्षणनुं वाक्य छे. अने ॥श्लोक॥ (भा० ए०
अ० २७ श्लो० ११) संध्योपास्त्यादि कर्माणि,
विधिना चोदितानि मे॥ पूजां तैः कल्पयेत्

१ लोकनां. २ देवनार्थ.

સમ્યક્, संकल्पः कर्मपावनीं ॥ અર્થ- સં
ધ્યા, ઊપાસના વગેરે કર્મ જે છે, તે મહારી
જે આજ્ઞા તેણે કરીનેજ પ્રવર્ત્તેલ છે. તે સહિ
ત કર્મને પાવન કરનારી પૂજા કરવી. એ વા
ક્યથી પણ પોતાને ભગવાનના આજ્ઞાકારી[1]
પણું છે અને શ્રૌત અને સ્માર્ત્ત કર્મોને ભ
ગવદાજ્ઞા પ્રાપ્તપણું પણ છે. તે યાદ રાખીને
કર્મોને કરવાપણું છે. તે વિષ્ણુધર્મોત્તરમાં
શંકરગીતામાં કહ્યું છે. ॥શ્લોક॥ अपृष्ट्वा य
स्तु यां कांचित्क्रियां नारभते हरिं ॥ असं
भिन्नार्यमर्यादस्तस्य तुष्यति केशवः ॥
અર્થ- હરિને પૂછ્યા વિના જે કંઈ કામ
હોય, તે ન કરતા હોય અને આર્યલોકોની
મર્યાદા જે ભાંગતા ન હોય, તેના ઊપર કે
શવ જે ભગવાન્ તે પ્રસન્ન થાય છે. એ વા
ક્યથી અને સ્વધર્મપણું એટલે દાસધર્મ
પણું પણ છે તેથી તે કર્મો કરવા સારૂ

૧ આજ્ઞાએં કરીને કરવાપણું.



ભગવાનને વિનતિ કરીને તેમાં જેતી જણ
શો જથી ભેગી કરીને કર્મ કરવાની ફરી
આજ્ઞા માગીને નાતની મહોટી રસોઈ કો
રેનો ભગવાનના આગલ ભોગ ધરવા બની
શકે નહીં તેથી મને કરીને અને વચને કરી
ને સમર્પણ કરવું. શ્રાદ્ધ વગેરેમાં થોડી ર
સોઈ જ્યારે હોય, ત્યારે તો પ્રત્યક્ષવસ્તુ
ઓ તૈયાર હોય, તેમનુંજ સમર્પણ કરવું
એ રીતે લૌકિક કામમાં પણ પહેલાંથી સ
મર્પણ કરીને પછી તે કામ કરવું. વિજ્ઞાપ
ન એટલે વિનતિને સમર્પણ કહેવાનો વ્ય
વહાર નથી એવી શંકા ન કરવી. વિજ્ઞા
પના એટલે વિશેષેં કરીને જ્ઞાપન જે
જણાવવું એટલે અર્થ સારી પેઠે સમ
જવી દેવો. તેમાં તો સમર્પણ પ્રયોગ દે
ખાય છે. "समर्पकमिदं वाक्यं" એટલે -
આ વાક્ય, "समर्पक" એટલે જનાવનારૂં
છે. અને "समर्पकोयं" શબ્દઃ એટલે સમર્પ

કને જતાવનાર આ શબ્દ છે. એવો પંડિ-
તનો વ્યવહાર છે. તેથી એ સમર્પણ શબ્દ
છે તેનો ઉપર કહેલી રીતેં સારાજ્ઞાન ક-
રાવવામાં શરવાલો છે. એ રીતેં નિવેદન
પદ પણ જાણવું. "निवेदितोजोऽगिरसा"
એટલે અંગિરાએં અજ ને બ્રહ્માજી આ-
ગલ નિવેદન એટલે જણાવેલું છે. એ ઠેકા-
ણે જણાવવાના અર્થમાં નિવેદન અને સ-
મર્પણ, એવા પ્રયોગો થાયછે. ત્યાં શંકા
કરેછે કે સમર્પણ કરવાથી દોષોનો અ-
ભાવ એ રીતેં થાઓ તો પણ ॥શ્લોક॥
(भा० ए० अ० ११ श्लो० २६) भक्तिस्त्वय्युप
युज्येत, कीदृशी सद्भिरादृता ॥ અર્થ-સ-
ત્પુરૂષ જેને આદર કરેછે, એવી ભક્તિ કઈ
રીતની આપનામાં જોડાય છે? એ રીતેં
ઉદ્ધવજીએં પ્રશ્ન કર્યો, ત્યારે ભગવાનેં
કહ્યું ॥શ્લોક॥ (भा० ए० अ० ११ श्लोक ३४)
मल्लिंगमद्भक्तजन, दर्शनस्पर्शनार्चनम् ॥



અર્થ- મહારા સ્વરૂપો અને મહારા ભક્ત-
જનો તેમનું દર્શન અને સ્પર્શન એટલે ચર-
ણસ્પર્શ વગેરે અને પૂજા એ વગેરે વચ-
નોએં કરીને માર્ગનો ઉપદેશ કર્યો છે.
તે માર્ગમાં નીચેના શ્લોક પ્રમાણે કહ્યું
છે. ॥ ॥શ્લોક॥ अपिदीपावलोकं मे,
नोपयुंज्यान्निवेदितम् ॥ અર્થ- દીવાનું અ-
જવાળું પણ નિવેદન કરેલું પોતાના કામ
માં ન લેવું એવી આજ્ઞા, ભગવાનેં કરે-
લી છે. તેમ ન કરવાથી આજ્ઞાના ભંગનો
દોષ, કેમ દૂર કરાય? તેથી ઉપર લખેલાં
વચનોનો અનુવાદ કરીને એની વ્યવસ્થા-
ની આજ્ઞા કરેછે.

॥મૂલશ્લોક॥

**दत्तापहारवचनं, तथाचसकलं हरेः॥६॥**
**नग्राह्यमितिवाक्यंहि, भिन्नमार्गपरंमतं॥**

અર્થ- દઈને લેવું એવી રીતનાં વચનો છે

૧ ઠેકાણાની

एटले दईने लई लेवारूप जेमां दोष जतावे
छे, ए वचन छे त्यारें शुं कर्युं? त्यां कहे छे.
जे हरिनुं जधुं न लेवुं ए वचनो छे ते जी
जमार्ग जाजतनो छे. हवे टीका करे छे.
"दत्त" एटले भगवानने आपेलुं तेनो अ
पहार एटले ते फरी जीवना उपयोग सारु
लेवुं, ते जेमां निषिध्धपणाएं करीने कहे
वाय छे, ते दत्तापहार वचन छे" अपि
दीपावलोकं मे" ए जतनुं वचन ते ते
मार्गना उपदेशमां छे. त्यारें हरिनुं जे
सर्व, ते समर्पीने पण न लेवुं. एवा अ
र्थनुं जे वाक्य, ते जूदा मार्ग जाजतनुं
छे. एटले भक्तिमार्ग थकी जीजमार्ग-
जाजतनुं मानेल छे. आ एनो अर्थ
छे. आ वचन एकादशस्कंधना अ
गीआरमा अध्यायमां भगवानमां
निश्चल[2] मन राखवानी आसक्तिमां

1 साइं नथी एम. 2 स्थिर.



॥श्लोक॥ यद्यनीशो धारयितुं, मनोब्रह्मणि
निश्चलं॥ अर्थ- ब्रह्ममां निश्चल मन रा
खवामां जे सामर्थ्य न थाय तो ए वचन
वगेरे एनो अनुकल्प[1] कह्यो छे. तेमां जे
भक्ति, उपासनाना साधनरूपी कही छे[2] ते
नो प्रकार, ज्यारें उध्धवजीएं पूछ्यो, त्या
रें॥ श्लोक॥ ॥ ॥ मल्लिंगमद्भक्त-
जन, दर्शनस्पर्शनार्चनं॥ अर्थ- महारा
स्वरूपोनुं दर्शन, महारा भक्तजननो स्प
र्श वगेरे जे वचनमां कह्या छे. ते वचन
आदि लईने आठ श्लोकोएं करीने ते
मार्गनो उपदेश कर्यो छे. तेमां "दत्तापहार"
ए वचन छे. त्यां जेम पोताना स्वरूप
दर्शन वगेरे धर्मो जूदा कह्या छे. तेज री
तें वैदिकी एटले वेदनी अने तांत्रिकी
एटले नारदपंचरात्र वगेरेनी दीक्षापण
जूदी कही छे. ते आ मार्गमां नथी. आ

1 जे कंईनजने तेनो जदलो. 2 पहेला कहेली भक्तिनो.

ही तो मार्गनो उपदेश करवो छे. तेम
दास्ये करीने आत्मनिवेदन पण करुं कह्युं
छे. ते पण आ मार्गमां जूदा धर्मपणाएं क
रीने कह्युं नथी. आ मार्गमां तो अधिकार
पणाएं करीने पहेला करवानुं कहेलुं छे. ते
म आगल कह्युं छे ॥ श्लोक ॥ (भा० ए० अ० ११
श्लो० ४७) **इष्टापूर्त्तेन मामेवं, यो यजेत स
माहितः॥ लभते मयि सद्भक्तिं, मत्स्मृतिं
साधुसेवया ॥** अर्थ- इष्ट एटले पूजा व-
गेरे अने आपूर्त्त एटले कूवा, तलाव, विश्रा
मा वगेरे करवा. एणे करीने उपर कहेली
रीत प्रमाणे मने भजे तो महारे विषे सद्भ-
क्तिने अने साधु एटले सारा पुरुषोनी सेवा
एं करीने महारी याहने पामे. ए वचनथी
एम कह्याथी भक्तिनो लाभ तथा भगवा
ननी स्मृति, मुख्यपणाएं करीनें आहीं क
ही छे. अने सिद्धांत रहस्यमां कहेवाय छे
जे मार्ग, ते तो ॥ श्लोक ॥ **सूर्योग्निर्ब्राह्मणा**



**गावो, वैष्णवः खं मरुज्जलम् ॥ भूरात्मा
सर्वभूतानि, भद्रपूजा पदानि मे ॥** अर्थ-
सूर्य, अग्नि, ब्राह्मण, गायो, वैष्णव, आ-
काश, पवन, जल, पृथ्वी, आत्मा अने सर्व
प्राणिमात्र एवगेरे करीने अग्यार पूजा-
नां स्थान जनाव्यां छे ॥ श्लोक ॥ (भा० ए०
अ० ११ श्लो० ४९) **अथैतत्परमं गुह्यं, शृण्वतो
यदुनंदन ॥ सुगोप्यमपि वक्ष्यामि, त्वं मे
भृत्यः सुहृत्सखा ॥** अर्थ- हवे हे यदुनंदन
उध्धवजी तमे सांभलो. जे रीते परम गुह्य
एटले परम छानुं, ते अत्यंत छानुं छे तो ए
पण तमे महारा भृत्य एटले चाकर अने
सुहृत् एटले पछवाडे वांकु बोल्युं ते सही
न शके एवा तथा सखा एटले सरखा स्व
भाववाला होय तथा सरखुं काम करनारा
होय, ते सखा, ते तमे छो तेथी हुं कहुं छुं
ए रीते छानुं कहेवानी प्रतिज्ञा भगवाने
करीने पछी बारमा अध्यायमां ते भक्ति

ને કરીને આગળ છ અધ્યાયેં કરીને પ
ણ ઉદ્ધવજીના પૂછ્યા પ્રમાણે કરીને પછી
ઓગણીશમા અધ્યાયનાં ॥શ્લોક॥ (ભા૰એ૰
અ૰૧૯ શ્લો૰૮) आख्याहि विश्वेश्वर विश्व
मूर्ते, त्वद्भक्तियोगं च महद्विमृग्यम् ॥ અર્થ:
હે વિશ્વમૂર્તે! એટલે વિશ્વ જેની મૂર્ત્તિ છે
એવા ભગવાન્ અને વિશ્વના ઈશ્વર તમા-
રો ભક્તિયોગ, જેને મહાપુરુષો શોધે છે, તે
કહો? જે રીતેં મહોટા પુરુષોને શોધવા
લાયક ભક્તિ ફરી ઉદ્ધવજીએં પૂછી ત્યા
રેં ભગવાનેં કહ્યું જે ॥શ્લોક॥ (ભા૰ એ૰
અ૰૧૯ શ્લો૰૧૯) भक्तियोगः पुरैवोक्तः, प्री
यमाणाय तेऽनघ ॥ पुनश्च कथयिष्या
मि, मद्भक्तेः कारणं परम् ॥ અર્થ– ભક્તિ
યોગ જેને પ્રિય લાગે એવા હે નિષ્પાપ ઉ
દ્ધવ! તમને મેં ભક્તિયોગ કહ્યો અને ફ
રીપણ મારી ભક્તિનું પરમ કારણ તે ત
મને હું કહું છું. એ બારમા અધ્યાયની



કહેલી ભક્તિ, તેની યાદ કરાવીને તેના પર
મ કારણ પણાએં કરીને કહેલા અર્થની ફરી
કહેવાની પ્રતિજ્ઞા કરીને ॥શ્લોક॥ (ભા૰એ૰
અ૰૧૯ શ્લો૰૨૪) एवं धर्मैर्मनुष्याणा,मुद्धवा
त्मनिवेदिनां ॥ मयि संजायते भक्तिः, कोऽ
न्योर्थोस्यावशिष्यते ॥ અર્થ– હે ઉદ્ધવ!
આત્મનિવેદન જેમણે કર્યું છે એવા મનુ
ષ્યો, તેમને ઉપર કહેલા ધર્મોએં કરીને મ
હારે વિષે ભક્તિ થાય છે. તે ઉપરાંત બાકી
કયો અર્થ રહે છે? એ રીતેં પાંચમા શ્લોક
માં ભક્તિની પ્રાપ્તિએં કરીને પુરુષાર્થની
સમાપ્તિ કહીને સંવાદ પૂરો કર્યો છે. તેથી
અધિકારના ભેદથી તથા સાધનના ભેદથી
પણ ભક્તિમાર્ગનો ભેદ એટલે જૂદાપણું
સિદ્ધ થયું. ત્યારેં દત્તાપહાર જણાવનાર
જે વચન, તે જ્યાં કહ્યું છે, તે બીજા માર્ગનું જ
છે. કારણ આ માર્ગ જાણતનું નથી તેથી આ
માર્ગમાં સમર્પિત જે હોય, તેને ફરી સમ-

पीने ओरसे अंगीकार करावीने ग्रहण कर
वामां आज्ञाभंग दोष नथी. अने दत्तापे
हारने जतावनारने "अपिदीपावलोकं मे"
ओ वगेरे वचनोनो विरोधपण नथी. जेम
जाणवुं. त्यां शंका करेछे. जे रीतें वाक्यवि
रोध परिहार ओटले वाक्यनो विरोध मटा
डवा वगेरे थाओ, तोओ पण सर्व काममां
पहेलांथी सर्ववस्तुनुं समर्पण अने अस
मर्पितवस्तुनो त्याग जे कह्यो, ते अशक्यो
पदेश ओटले न बने ओवा उपदेशरूपी छे
कां ने बधां कार्य पहेलां जाणी शकातां न
थी. ज्वर वगेरे रोगनां पथ्यपणाओं वैधें
तेज वखतें जावानुं कह्युं होय, ते पहेलां
थी जाणी शकातुं नथी तेथी अशक्यो
पदेश छे. तेम कोईक पोताना कुटुंबी अ
थवा वेहेवाई होय अथवा पोताना शिष्य
ओरसे सेवक अथवा जेने घेर हाथी वगेरे
बंधाता होय, ओवुं महोटुं माणस होय,



ते विनयपूर्वक[1] अथवा जलोलारें करीने पो
ताना घरमां भोजन करावे अने वस्त्र, अलं
कार वगेरे आपे, त्यारें तेनुं समर्पण पहेला
थी करी शकाय नहीं. तेथी असमर्पितव
स्तुनो त्याग ते न बनी शके ओवो छे. ओ
म ज्यारें छे त्यारें पोताना स्वधर्मनो निर्वाह
केम थाशे? ओवी आशंकामां आज्ञा करेछे

॥ मूलश्लोक ॥

**सेवकानां यथालोके, व्यवहारः प्रसिध्यति ॥७॥ तथा कार्यं समर्प्यैव ॥**

अर्थ- सेवकोनो लोकमां जे रीतें व्यवहार
शुध्ध थाय छे तेम समर्पीने ज करवुं.
तेथकी बधाने ब्रह्मपणुं थाय छे. हवे
टीका करे छे. सेवा करनार ते सेवक कहे
वाय. तेमनो लोक व्यवहार प्रसिध्ध छे.
तेम समर्पीने करवुं. निष्कपट जे सेवक

१ नम्रतापूर्वक जोराबरीथी.

होयते पोताना गुरुने तथा पोताना मालकने अर्थ करवाथी पहेलां अथवा पछी कोई जे वखत पण विनति करे छे. ते रीतें समर्पीने व्यवहार करवो. विनतिना अर्थमां समर्पणनो अर्थ जे छे ते केरा वेसो छे- तेथी समर्पीने व्यवहार करवो. वली व्यवहार अेटले सत्वगुण, रजोगुण, तमोगुण, मन, अने पंच महाभूत, शब्द, स्पर्श, रूप, रस, गंध, ए मात्राओ, ईंद्रियो अने प्राण, ए बधानो भेलसेल थईने जे व्यापार थाय, ते व्यवहार तेनेम सेवकोनो सिध्ध थाय छे. ए रीतें बधुं समर्पीनेज करवुं. ॥ श्लोक॥ (भा० तृ० अ० २२ श्लो० १२) उद्यतस्य हि कामस्य, प्रतिवादो न शस्यते॥ अपि निर्मुक्तसंगस्य, कामरक्तस्य किं पुनः॥ अर्थ- जे कोई पोताने ज काम प्राप्त थयो, तेनी ना पाडवामां वखाण

१ मनोरथ.



नथी. तेणे संग मूक्यो होय, तेने पण ना न पाडवी. तो जे जव कामनां आसक्त होय, तेणे तो शेनीज ना पाडवी? ए वाक्य छे, तेथी काम जे छे तेनी ना पाडी शकाती नथी. त्यारें पोताने कोई जणश खावानी ईच्छा थाय तो, प्रभुना आगल विनति करीने ते जणश करीने पछी भोग धरीने तेनो उपभोग करवो. ॥श्लोक॥ (भा० ए० अ० ११ श्लो० ४१) यद्यदिष्टतमं लोके, यच्चातिप्रियमात्मनः॥ तत्तन्निवेदयेन्मह्यं, तदानंत्याय कल्पते॥ अर्थ- जे जे लोकमां बहुज गमती जणश केवाती होय, अने जे पोताने अतिप्रिय होय, ते मने अर्पण करवी. त्यारें तेनुं अनंत फल थाय छे. ए रीतें अेकादश स्कंधमां सदाहत भक्तिना कथनमां भगवाननुं वाक्य छे. ए रीतें पोतामां असामर्थ्यथी बधी रसोई न बनी शके तोय पण भाति, कुस-

१ कहेवुं.

ની મર્યાદાના નિર્વાહ સારૂ જ્યાં સુધી રસોઈ ની
નથી કરાવીને પોતાના જેટલી પોતે કરીને
ભોગ ધરે તો એમાં દોષ નથી. કેમ કે લોકનો
વ્યવહાર એમજ થાય છે. પણ એટલું એ
માં વિશેષ છે જે એકાદશ સ્કંધના ઓગ-
ણીશમા અધ્યાયમાં ભક્તિના પરમ કાર
ણપણાએં કરીને જે ધર્મો કહ્યા છે, "श्र-
द्धामृतकथायां" એ વગેરે સાડા ચાર શ્લો
કોએં કરીને ત્યાં સર્વ કામનું વિવર્જન એટ
લે ભગવાનને અર્થે ભગવાનની સેવામાં
આડા પડનારા એવા ભોગ તથા સુખ
એનો ત્યાગ કહ્યો છે. તેથી આ ઉપર જ
ણેલો પક્ષ છે તે એનાથી વિરૂદ્ધ છે.
માટે મુખ્ય સાધનની પદવીને એ પ્રકાર
પામતો નથી. તેથી એમજ કરતો હોય
તેને "जुषमाणश्च तान् कामान् इति न्याये
न" અર્થ-તે જ્યાં કામસુખને ભોગવે પણ તેમાં
દુઃખ ઘણું છે. એ રીતે જાણીને તેની નિંદા



કરે, એ રીતે ભગવાને એકાદશ સ્કંધમાં ભ
ક્તિમાર્ગની રીતમાં આજ્ઞા કરી છે. તેથી ઉ
પર કહેલા પ્રકારે ચાલવામાં ગ્લાનિ રાખ-
વી એને ॥શ્લોક॥ अशक्ये वा सुशक्ये
वा, सर्वथा शरणं हरिः॥ અર્થ-જે બની
શકે અને જે ન બની શકે, તેમાં સર્વ પ્રકાર
થી હરિ જે દુઃખ હરનારા ભગવાન તે ર
ક્ષા કરનારા છે. એ ભાવના કરવી. અને
અંકુશ તથા વજ્રનાં ચિન્હ સહિત જે ભ
ગવચ્ચરણ, તેનું ધ્યાન કરવું. જેથી મનનો
દોષ તરત મટે. એ વાત પ્રસંગથી કહી છે.
આ ભગ્યાએં સમર્પીને કરવું એ વચનથી
સમર્પણ જે છે, તે પહેલી વખતમાં કરવું.
એમ સમન્વય છે, ત્યારે ટીકામાં પહેલા અ
થવા પછી એમ કેમ કહેવાય? એવી શંકા
ન કરવી. આમાં સેવકના લોકવ્યવહાર
ની પેઠે ભગવત્સેવકના વ્યવહારની સિ

૧ એમ જાણવું જે આ ઠીક નથી થતું.

धि साऽ पछी पण करवुं प्राप्त थाय छे. ते
थी समर्पीने जे पदनुं[1] कार्यना विशेषण
मांज तात्पर्य छे. एवा तात्पर्ये करीने पछी
पण समर्पण करवुं. जेम टीकामां कह्युं छे
के जे वखत जताववामां मतलब नथी
तेथी शंका न करवी. नहीं तो "तस्मादादौ स
र्वकार्ये" ए वचननी टीकामां पहेलांथी
बधा काममां समर्पण करवुं, एम प्रथम
आव्युं छे. तेथी पहेलां कहेवानी वात, फ
री कहेवी व्यर्थ पडे छे. तेथी पछी करवुं ने
कह्युं, तेमां कंई दोष नथी. ए रीतें सर्व
दोषोनी निवृत्तिनुं स्वरूप, अने फरी ते पे
दा न थावानो उपाय अने पछी समर्प-
ण कर्याथी दोषरहितपणानो प्रकार "उ
च्छिष्टभोजिनो दासाः" अने "अपि दीपाव-
लोकं मे" एवा विशेषवाक्योनी[2] व्यव-
स्था करीने आज्ञाना निर्वाहनो प्रकार, अ

१ अभिप्राय. २ वाक्योमां जुदां जुदां ठेकाणे.



ने व्यवहारप्रमाणे चालतां पण दोष न थ-
वानो प्रकार, एनो उपदेश करीने तेना फल
नी आज्ञा करे छे.

॥ मूलश्लोक॥

## सर्वेषां ब्रह्मता ततः॥

अर्थ- तेथकी बधाने ब्रह्मता थाय छे. तेमा
टे एवा पदे करीने पहेलानुं करेलुं बधुं सा
धन याद करे छे. त्यारें उपर कहेली रीतें
ब्रह्मसंबंधथी सर्वने साधन कर्याथी ब-
धा आत्मनिवेदीओने ब्रह्मता एटले दोष
रहितपणुं अने भगवाननी भगणोनी सम[1]
ता थाय छे ॥ श्लोक॥ निर्दोषं हि समं ब्र-
ह्म॥ अर्थ- ब्रह्म छे ते निर्दोष अने बधी
जगाए सरखुं छे. ए वचनथी ब्रह्म, उप
र कह्याप्रमाणे छे. तेथी तेनी आज्ञाए क
रीने कृपाथी एवुं थाय छे. तेथी कलिकाल
वगेरे जे दोषो, तेनो आत्मनिवेदीओने विषे

१ सरखापणुं.

जलाव छे. तेथी तेमनी करेली सेवानो प्र
लु अंगीकार करे, त्यारें सुखें करीने फल
वान् थाय छे. ए अर्थ छे. ए रीतें सर्व
दोषनी. निवृत्तिना उपायनो उपदेश करी
ने दोषोने स्वरूपथकी विद्यमानपणुं छे.
त्यारें तेओनुं सेवामां अप्रतिबंधकपणुं[1]
सारी रीतें जाणी शकातुं नथी. एम थया
थी अविश्वास अथवा संदेह थाय तो
हलका अधिकारीओने "संशयात्मा विन
श्यति" एवाक्यप्रमाणे फरी सर्व नाश-
नी प्राप्ति थाय, तेनुं निवारण करवासा
रु सिंहावलोकनें[2] करीने पहेला कहेलुं या
द करीने दृष्टांतनी रीतें दोषोनी निवृत्ति-
नुं स्वरूप, जाणवानो उपाय आज्ञा
उरे छे.

॥मूलश्लोक॥

१ आडा न पडवापणुं. २ सिंह जेम आगल चाले अने पाछल जुवे तेम जेवुं.



॥गंगात्वं सर्वदोषाणां, गुणदोषा
दिवर्णनात् ॥८॥ गंगात्वेन निरू-
प्यस्या, त्तद्वदत्रापि चैव हि ॥ इति॥

अर्थ - बधा दोषोने गंगापणुं छे जेम तरेह
तरेहना जलोना गुणदोषनुं एटले सारा
भुंडानुं वर्णन थायछे. तेम ते गंगाजीमां
मल्याथी ते बधा गंगापणाएं करीनेज
गणाय छे. तेम आहिं ब्रह्मसंबंधमां पण
घटे छे. हवे टीका करेछे. आ श्लोकमां आ
गल जेने दृष्टांत दे छे ते वाक्यमां "तद्वत्"[1]
एवुं पद छे तेथी पहेला वचनमां "यद्वत्"[2]
ए पदनो अध्याहार[3] करवो. त्यारें गंगामां
मलेला जे बधा दोषो, गली तथा खाल
वगेरेना पाणीनुं पान अने स्नान, तेना
गुणदोषो तेमने निश्चय करीने गंगाप-
णुं छे. तेम ब्रह्मसंबंध करवामां पण

१ तेम. २ जेम. ३ मेलवण.

ઉપર કહેલી રીતપ્રમાણે ભગવદીયપણા
એં કરીને અને મૂલશ્લોકમાં ચકાર છે
તેમાં "ચ" અને "એવ" છે તેથી ભગવાનની
ચાદ વગેરેના ઘણાપણાએં કરીને પણ
જે દોષો પોતાના સ્વરૂપેં કરીને રહ્યાન
થી, અને જણાતા નથી, તોએ પણ ગંગા
જીએં કરીને ગલી વગેરેના પાણીઓ વ
ગેરે મલે છે. તેમના પણ સ્વરૂપનો નાશ
ન છે. કનિષ્ઠ અધિકારિઓને એમ જા
ણીને પોતાના આત્માની સારી રીતેં રક્ષા
કરવી. શ્રુતિમાં અને વ્યાસસૂત્રમાં ત
દ્દૃત ન્યાય છે. તે પ્રસિદ્ધ છે. તેથી સ
ર્વદા ભગવદીયપણાના અનુસંધાનેં કરી
ને ભગવદીયપણું સિદ્ધ થાય છે. તેથી
આત્માનું રક્ષણ કરવું. આ પ્રાચીનોને
અનુસાર વ્યાખ્યાન કર્યું. મને તો જી
ભુંપણ આંહીં અર્થ જણાય છે. જે

૧ આત્મા એટલે મન. ૨ સંદેહથી તથા અવિશ્વાસથી જયાવકરવો. ૩ જે ને યજ્ઞ ભણેં તેણેં કરીને ભુવને ગમતું ફલ થાય એટલે જેવું સાધન કરે તેવું ફલ થાય.



એટલું જ શ્રી આચાર્યજીના અભિપ્રાયમાં
હોત તો "નમંતવ્યાઃ કથંચન" એટલે જે
દોષો કોઈ રીતેં માનવા નહીં. એમ કહીને
"ગંગાત્વં" એ ઉપર લખેલો શ્લોક કહેત પ
ણ આ શ્લોક, ત્યાં ન કહીને "સર્વેષાં બ્રહ્મ
તા તતઃ" એટલે સર્વને બ્રહ્મતા થાય છે. એ
ટલે બ્રહ્મતારૂપી ફલ કહ્યા પછી કહ્યું, તે
થી ફલબોધકપણું પણ શ્રી આચાર્યજી
ના અભિપ્રાયમાં છે. ત્યારેં પહેલાં બ્રહ્મ
સંબંધે કરીને દોષનિવૃત્તિ કહીને આગલ
થનારા જે દોષો, તેનો સંસર્ગ ન થવા સારૂ
જે સમર્પણ તે એક તો ભગવદ્ધર્મ એટલે
ભક્તિમાર્ગના ધર્મો, તેમને અનુસાર અને
બીજું લૌકિક વ્યવહારને અનુસાર એમ
બે તરેહનું કહ્યું, તેમાં પહેલું એટલે ભ
ક્તિમાર્ગને અનુરોધી કરે, તેમાં બ્રહ્મતા
રૂપી ફલ કહ્યું છે. બીજું એટલે લૌકિક

૧ જણાવનારપણું. ૨ તે પ્રમાણે. ૩ તેના હિસાબ પ્રમાણે.

व्यवहारानुरोधी करे, तो गंगामां मलेला दोषोनी पेठे ब्रह्मसंबंधनुं, दोषोनी निवृत्तिमात्र फल कह्युं छे. तेणे करीने सेवा फलमां रहेलुं मध्यम अने जघन्य, अने जे अनिष्ट तेना फलमां उपयोगी सेवामां सहाय करनारपणुं ते क्रमें करीने सिध्ध थाय छे. तेथी जीवना मार्गमां जे दोषोनी निवृत्ति छे, ते जीवना साधननी गरज राखे छे. तेम सेवाना अधिकारने पेदा करनार जे ब्रह्मसंबंधरूपी संस्कार, तेनुं आनुसंगिक एटले वगर करे थय नां थई जनार फल छे. तेथी आ ग्रंथनुं सिद्धांतरहस्य एवुं सिद्धांतना छानापणुं छे, एम पण जणाय छे. हवे टीका पूरी करती वखते श्रीपुरुषोत्तमजी नीचेनो श्लोक आज्ञा करे छे. ॥श्लोक॥ एवं प्रभु प्रेरणया विभातं, यन्मे तदुक्तं नहि तत्त्वबुध्या ॥ अतः



स्वदासे करुणां वितन्वन्स एव मे स्वतमलं करोतु ॥१॥ अर्थ– जे रीतें प्रभुनी प्रेरणाथी विशेषें करीने जे मने जणायुं, ते में कह्युं छे. पण कांई मारी बुध्धिथी कह्युं नथी. तेथी पोताना दासने विषे करुणानो विस्तार करता तेज श्री आचार्यजी महारुं स्वांत जे अंतःकरण तेने शोभायमान करो. ॥ श्लोक ॥ यदत्र सदसद्वापि, जीवबुध्योदितं कचित् ॥ क्षमंत्वाचार्यचरणास्ते मे संतु कृपालवः ॥ ॥२॥ अर्थ– आ टीकामां सत् अथवा असत् जीवबुध्धिए करीने में कांई जणाव्युं कह्युं होय, ते श्री आचार्यचरण मने क्षमा करो. केम के ते महारे विषे कृपालु छे. ॥ शुभं भवत्विति ॥

इति श्रीपुरुषोत्तमजी-
कृत सिद्धांतरहस्यनी
टीकानुं गुजराती भा-
षांतर संपूर्ण ॥ ॥

©ruchirbava